CITYNEWSRAJKOT@GMAIL.COM | @City News Rajkot live | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 14

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 42, Dt. 17-06-2026 (WEDNESDAY) Rs. 02/- **Page :** 32, RNI No. GUJGUJ/2023/84789



## દુઃખદ અવસાન
## બેસણું

### સ્વ. રહેન્દ્રસિંહ પ્રવિણસિંહ જાડેજા
# R.P. JADEJA

**જન્મ તા.૦૭-૦૯-૧૯૫૬**
**સ્વ.તા.૧૪-૦૬-૨૦૨૬ (ઉ.વ.૭૦)**

રાજકોટ નિવાસી (ગામ નાના મવા) **આર.પી.જાડેજા**નું તા.૧૪-૦૬-૨૦૨૬ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**: સદ્‌ગતનું બેસણું :**

**તારીખ :** ૧૮-૦૬-૨૦૨૬, ગુરૂવાર, **સમય :** સાંજે ૪ થી ૬, **સ્થળ :** યોગી સભાગૃહ, BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**ઉત્તરક્રિયા/પાણીઢોળ :** તા **૨૨-૦૬-૨૦૨૬** સોમવાર, સવારે **૧૦:૩૦** વાગ્યે **નિવાસ સ્થાને**

**લી.**

સ્વ.પ્રવિણસિંહ શિવુભા જાડેજા
સ્વ.પ્રદ્યુમનસિંહ પ્રવિણસિંહ જાડેજા (P.P.જાડેજા)
સ્વ. જગદીશસિંહ શિવુભા જાડેજા
સ્વ. નરેન્દ્રસિંહ શિવુભા જાડેજા

**અજયરાજસિંહ રહેન્દ્રસિંહ જાડેજા (પુત્ર)**

કિશોરસિંહ રતનસિંહ જાડેજા
જયરાજસિંહ પ્રવિણસિંહ જાડેજા (J.P. જાડેજા)
જ્યોતિરાજસિંહ પ્રવિણસિંહ જાડેજા
અશોકસિંહ જગદિશસિંહ જાડેજા
રઘુરાજસિંહ જગદિશસિંહ જાડેજા
કિરીટસિંહ જગદિશસિંહ જાડેજા
હરપાલસિંહ ઈન્દ્રજીતસિંહ જાડેજા
સંજયરાજસિંહ ઈન્દ્રજીતસિંહ જાડેજા
દિગ્વિજયસિંહ નરેન્દ્રસિંહ જાડેજા
રાજદિપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા
ગીરીરાજસિંહ અશોકસિંહ જાડેજા
યોગીરાજસિંહ જયરાજસિંહ જાડેજા
રવિરાજસિંહ જયરાજસિંહ જાડેજા
પાર્થરાજસિંહ જ્યોતિરાજસિંહ જાડેજા
પુષ્પરાજસિંહ પ્રદ્યુમનસિંહ જાડેજા
હર્ષવર્ધનસિંહ દિગ્વિજયસિંહ જાડેજા
જયવર્ધનસિંહ રઘુરાજસિંહ જાડેજા
વિશ્વરાજસિંહ રાજદિપસિંહ જાડેજા
વિકર્ણરાજસિંહ દિગ્વિજયસિંહ જાડેજા
જાડેજા પરીવારના જય માતાજી

RPJ HOTEL
PRADHYUMAN GROUP
SAYAJI RAJKOT

sun ad

### પૂર્વ મેયર સામે નરમ તંત્ર, નોટિસ છતાં ગેરકાયદેસર બાંધકામ ચાલુ



# રાજકોટમાં VIP નિયમ? ભાજપ નેતાઓ માટે કાયદો અલગ?

## પૂર્વ મેયરને નોટિસ કે કાયદાનો ડર નહીં

## બાંધકામનો બીજા માળનું પૂરબહારમાં કામ ચાલુ

### દુકાનોમાં શટરો પણ લાગી ગયા



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં કાયદા અને વ્યવસ્થાની સમાનતા પર ફરી એકવાર સવાલ ઊભો થયો છે. શહેરના પૂર્વ મેયર નયનાબેન પેઢડિયાનું ગેરકાયદેસર બાંધકામ કોર્પોરેશનની નોટિસ છતાં યથાવત ચાલતું હોવાના આક્ષેપો સામે આવ્યા છે.કોર્પોરેશન દ્વારા નોટિસ ફટકારવામાં આવી હોવા છતાં સ્થળ પર બાંધકામ અટક્યું નથી, પરંતુ વધુ ઝડપથી આગળ વધતું જોવા મળી રહ્યું છે. શરૂઆતમાં જ્યાં માત્ર એક માળ હતો, ત્યાં હવે બીજો માળ પણ ખડકી દેવાયો છે અને દુકાનોના શટર પણ લગાવી દેવામાં આવ્યા છે.વિશેષ ચોંકાવનારી બાબત એ છે કે બાંધકામને છુપાવવા માટે આગળ મોટા પડદા લગાવવામાં આવ્યા છે અને પડદાની આડમાં કામ ચાલુ રાખવામાં આવી રહ્યું છે. આ રીતે ખુલ્લેઆમ નિયમોને પડકારવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.કોર્પોરેશનની કાર્યવાહી પર પણ સવાલ ઊભા થયા છે. એક તરફ ગરીબોના મકાનો પર તાત્કાલિક બુલડોઝર ચલાવવામાં આવે છે, જ્યારે બીજી તરફ પૂર્વ મેયરના બાંધકામ સામે કડક પગલાં લેવામાં વિલંબ કેમ? શું કાયદો માત્ર સામાન્ય લોકો માટે જ છે?આ મામલે કોન્ટ્રાક્ટરે પણ સ્પષ્ટ કહ્યું છે કે, “અમને કામ કરવા માટે કહેવામાં આવ્યું છે એટલે અમે કામ કરી રહ્યા છીએ. નોટિસ વિશે અમને જાણ છે, પરંતુ કામ બંધ કરવા કોઈ સૂચના નથી.” છેલ્લા ત્રણ મહિનાથી કામ ચાલુ હોવાનો પણ ખુલાસો કર્યો છે.આ સમગ્ર ઘટનાએ તંત્રની કાર્યપદ્ધતિ અને પારદર્શિતાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. શું નોટિસ માત્ર ઔપચારિકતા બની ગઈ છે? શું સત્તાવાળાઓ માટે અલગ કાયદો અને સામાન્ય જનતા માટે અલગ નિયમો? શું કોર્પોરેશન હવે આ મામલે કડક પગલાં લેશે કે મૌન જ રહેશે? રાજકોટમાં કાયદાની સમાનતા જાળવવા હવે તંત્રની સાચી કસોટી શરૂ થઈ છે.

## વોર્ડ નં.6માં રણછોડ શેરીનં.1માં પણ ગેરકાયદે બાંધકામ !



### અરજદારની જગ્યામાં લોચા-લાપસી છતાંય મકાન બનાવવા ક્યાં અધિકારીએ છૂટ આપી !

### ફરિયાદીએ અરજી કરી પણ અધિકારી ચૂપ

### મોરબીના જેતપરમાં ખેડૂત આંદોલન પાર્ટ-2: પ્રતિક ઉપવાસ બાદ

# ખેડૂતોનો કઠોર સંકલ્પ; કાલથી અન્નનો ત્યાગ !

# રાજકીય નેતાઓને 'નો એન્ટ્રી'





## વીજ લાઈનના યોગ્ય વળતર માટે ખેડૂતો માત્ર જળ ગ્રહણ કરી આમરણાંત ભૂખ હડતાલ પર ઉતરશે



**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના જેતપર ગામે વીજલાઈનના યોગ્ય વળતર સહિતના પોતાના હકો માટે ખેડૂતો દ્વારા ચલાવવામાં આવી રહેલી લડત હવે વધુ ઉગ્ર અને નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે. છેલ્લા ૧૦ થી ૧૨ દિવસથી શાંતિપૂર્ણ રીતે પ્રતીક ઉપવાસ પર બેઠેલા ખેડૂતોએ હવે આરપારની લડાઈનું એલાન કર્યું છે. આવતીકાલ એટલે કે ગુરુવારથી આ ખેડૂત આંદોલનનો 'પાર્ટ-૨' શરૂ થવા જઈ રહ્યો છે, જેમાં ખેડૂતો અન્નનો સંપૂર્ણ ત્યાગ કરી આમરણાંત ઉપવાસ એટલે કે ભૂખ હડતાળ પર ઉતરશે.આ નવી લડત અંતર્ગત ખેડૂતો અન્ય કોઈ પણ પ્રકારનું અન્ન કે પ્રવાહી લીધા વિના માત્ર પાણી જ ગ્રહણ કરશે અને આ પ્રક્રિયા માંગણીઓ ન સંતોષાય ત્યાં સુધી સતત ચાલુ રાખવામાં આવશે. આ આંદોલનની શરૂઆત કરવા માટે આવતીકાલે સવારે ૯:૦૦ વાગ્યે મોટી સંખ્યામાં ખેડૂતો આંદોલન સ્થળે એકઠા થશે. ત્યારબાદ સવારે ૧૦:૦૦ વાગ્યે સાધુ-સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને આ



આમરણાંત ઉપવાસના કાર્યક્રમને વિધિવત રીતે ખુલ્લો મૂકવામાં આવશે. આ મહત્વપૂર્ણ લડતમાં જેતપર ગામ સહિત આજુબાજુના અનેક ગામના ખેડૂતો ખાસ હાજર રહેવાના છે.

ખેડૂતોએ મીડિયા સમક્ષ સ્પષ્ટ કર્યું છે કે, આ આંદોલન માત્ર અને માત્ર જગતના તાતની પોતાની પડતર માંગણીઓ માટેની લડત છે. આથી, આ લડતમાં કોઈ પણ રાજકીય પક્ષના આગેવાનો કે રાજકારણીઓને જોડાવા દેવામાં આવશે નહીં.

આ આંદોલનને સંપૂર્ણપણે બિનરાજકીય રાખવામાં આવ્યું છે.આ લડતમાં હવે મહિલા શક્તિ પણ ખૂબ મોટી સંખ્યામાં સક્રિય થઈ છે.

વળતરના હક માટે સરકારને જગાડવાના આ ભગીરથ પ્રયાસમાં સમગ્ર મોરબી જિલ્લાના તમામ ખેડૂત ભાઈઓ, બહેનો અને માતાઓને સહભાગી થવા માટે જેતપર ગામના ખેડૂતો દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે. ખેડૂતોના આ આકરા વલણને પગલે હવે તંત્ર અને સરકાર પર દબાણ વધે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.




## જથ્થો ઘટતા તાત્કાલિક નર્મદા નીર છોડવા RMCની માંગ

# રાજકોટમાં પાણી ખૂટવાનો ખતરો

# 20 દિવસમાં ડેમ ખાલી?

■ આજી–1 ડેમમાં 41% અને ન્યારી–1 ડેમમાં 29% જ જળ સંગ્રહ બચ્યો

■ નર્મદાનું પાણી નહીં આવે તો ફરી રાજકોટમાં 'પાણી'ની રામાયણ શરૂ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટને પાણી પુરુ પાડતા ઘરઆંગણેના જળાશયો ધારણા કરતા વહેલા તળિયાઝાટકના આરે આવી ગયા છે. શહેરના મુખ્ય આધારસ્તંભ એવા આજી-૧ ડેમમાં સૌની યોજના હેઠળ અગાઉ થોડુ ઘણુ નર્મદા નીર ઠલવીને બાદમાં સમયસર ચોમાસુ બેસી જશે તેવી ધારણાથી આવક બંધ કરી દેવાઇ હતી.

તો ન્યારી-૧ ડેમમાં પણ જ આવી સ્થિતિ વચ્ચે અગાઉની ધારણાનું ગણિત વેરવિખેર થઇ ગયુ છે. આ વખતે ઉનાળના આકરા તાપ વચ્ચે પાણીનો વધુ ઉપાડ અને બાષ્પીભવનનું પ્રમાણ વધી જતાં ડેમ તળિયાઝાટક થવા તરફ આવી ગયા છે. ન કરે નારાયણ અને જો હજુ પણ વરસાદ ખેંચાશે અને આગોતરું પ્લાનીંગ કરીને વધારાનું નર્મદા નીર ઠલવવામા નહીં આવે તો ભયંકર જળસંકટ ઉભુ થાય તેવા એંધાણ અત્યારથી વર્તાઇ રહ્યા છે.

રાજકોટની દૈનિક પાણીની જરૂરિયાત પુરી કરવા માટે એક મોટો આધાર નર્મદા નીર ઉપર છે. જો આજી, ન્યારી ડેમમાં નવા નીર નહીં આવે તો નર્મદા મૈયા પર પોણા ભાગનો આધાર રાખવો પડશે. ૯૧૭ એમસીએફટીની સંગ્રહક્ષમતા ધરાવતા આજી-૧ ડેમમાં ૩૬૦ એમસીએફટી જથ્થો છે પરંતુ ડેડલેવલને બાદ કરતા પુર્ણક્ષમતાએ પમ્પીંગ થઇ શકે તેટલો જથ્થો માત્ર ૧૭થી ૨૦ દિવસનો જ બાકી રહ્યો છે. આવી જ રીતે ૧૨૫૮ એમસીએફટીની સંગ્રહક્ષમતા ધરાવતા ન્યારી-૧ ડેમમાં હયાત જળસ્ટોક ૩૨૦ એમસીએફટીનો છે પણ પમ્પીંગથી ગ્રેવીટી સાથે ઉપાડી શકાય તેટલો જથ્થો વધીને ૨૦ દિવસ સુધી ચાલે તેટલો જ છે. જ્યારે ભાદર ડેમમાંનો આધાર સિમિત છે. પાઈપલાઈનની ક્ષમતા મુજબ ભાદર ડેમમાં વધુ લેવલ હોવા છતા ઘટ પુરી શકાય તે રીતે વધુ ઉપાડ શક્ય નથી. આ બધા પરિબળો જોતા ૧૫ દિવસમાં જો ઘરઆંગણેના જળાશયોમાં નવા નીર નહીં આવે તો ભયંકર જળસંકટ ઉભુ થશે તેમા શંકાને કોઇ સ્થાન નથી.

રાજકોટની અંદાજિત ૧૯ લાખની વસતી માટે પાણીની જરૂરિયાત કુલ ૪૪૮ એમએલડીની છે. અગાઉ વાવડી અને કોઠારિયા એ પછી માધાપર, ઘંટેશ્વર, મુંજકા, મોટામવા ગામ મળતા મહાપાલિકા ઉપર વધારાનો બોજ આવ્યો છે. કુલ દૈનિક ૪૪૮ એમએલડીની જરૂરિયાત સામે ૧૩૪ એમઅલડી તો નર્મદા ઉપર આધાર રાખવો પડે છે. આવા સંજોગોમાં જ ઘરઆંગણેના સ્ત્રોત આજી, ન્યારી ડેમમાં પમ્પીંગ ન થઇ શકે તેટલી ઘટ પુરવા નર્મદા નીરની જરૂરિયાત વધી શકે છે. એ જોતા સમયસર આજી-ન્યારીમાં નર્મદા નીર ન ઠલવાય તો ભયંકર જળસંકટના એંધાણ વર્તાઇ રહ્યા છે.,સૌની યોજના રાજકોટ સહિત સૌરાષ્ટ્ર માટે આર્શિવાદરૂપ છે જ પણ કમનસીબી ક્યારેક એ થાય છે કે, બે હાથ જોડીને નર્મદાના પાણી માટે વિનંતી કરવા છતા સમયસર મળતુ નથી. આવી કમનસીબી વધુ એકવખત સર્જાઇ છે. એક રીતે કહેવામા આવે તો નર્મદા નિગમે ગંભીરતા ન લીધી હોય તેવુ પણ કહી શકાય

### જળાશયોની વર્તમાન સ્થિતિ

- ડેમ કુલ સંગ્રહ ક્ષમતા હાલની સ્થિતિ ક્યા સુધી ચાલશે
- આજી ૧ ૯૧૭ એમસીએફટી ૩૬૦ એમસીએફટી ૬ જુલાઇ
- ન્યારી ૧ ૧૨૪૮ એમસીએફટી ૩૨૦ એમસીએફટી ૪ થી ૮ જુલાઇ
- ભાદર ૧ ૬૬૪૦ એમસીએફટી ૨૨૦૦ એમસીએફટીથી વધુ જુલાઇ અંત સુધી

### ડેમ ઉપાડ

- આજી ૧ ૧૪૮ એમએલડી
- ન્યારી ૧ ૧૫૯ એમએલડી
- ભાદર ૪૩ એમએલડી
- નર્મદા ૧૩૪ એમએલડી

# રામદેવ ડાંગર ગેંગ સામે ગુજસીટોક

## રામદેવ ડાંગર, સતીષ બાલાસરા, જનક ડાંગર, ભરત કુગશિયા અને હજુ એક આરોપી સામેલ




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ-ક્રાઇમ બ્રાન્ચ દ્વારા વધુ એક ગેંગ વિરુદ્ધ ગુજસીટોક દાખલ કરવામાં આવી છે. રામદેવ ડાંગરની ટોળકી વિરુદ્ધ ગુજસીટોક  દાખલ કરવામાં આવી છે. રામદેવ ડાંગર ગેંગના ૫ શખ્સો વિરુદ્ધ ગુજસીટોક દાખલ કરાઇ આવી જેમાંથી ૩ શખ્સોની પોલીસે ધરપકડ કરી છે.  ૨૦૧૬ થી ૨૦૨૫ સુધીમાં હત્યા,હત્યાની કોશિશ,ફરજમાં રૂકાવટ,આર્મ્સ એક્ટ સહિત કુલ ૫૨ જેટલા ગુનાઓ નોંધાયા છે. જેમાં ૨૪ ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાતા પોલીસે ગુજસીટોક હેઠળ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ગેંગના ત્રણ શખ્સો રામદેવ ડાંગર,કુલદિપસિંહ ઉર્ફે લાલો જાડેજા,સતીષ બાલાસરાની પોલીસે ધરપકડ કરી છે. બે શખ્સો ભરત કુંગસિયા અને જનક ડાંગર ફરાર છે. છેલ્લા એક વર્ષમાં પોલીસે ૮ જેટલી ગેંગ સામે ગુજસીટોકનો ગુનો દાખલ કરાયો છે.જેમાં  પોલીસે ગંભીર ગુનાઓ આચરતા ૯૦થી વધારે ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. રાજકોટ શહેરમાં ગુનાખોરી સામે પોલીસ દ્વારા મોટું એક્શન લેવામાં આવ્યું છે. શહેરના કુખાત રામદેવ ડાંગર ગેંગ સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (GUJCTOC) હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી છે, જેના પગલે ગુનેગારોમાં ભારે ફફડાટ ફેલાયો છે.પોલીસ કમિશનર દ્વારા લેવાયેલા આ નિર્ણય હેઠળ રામદેવ ડાંગર સાથે સતીષ બલસાર, જનક ડાંગર અને ભરત કુગશિયા સહિતના ગેંગ સભ્યોને કાયદાના ઘેરામાં લેવામાં આવ્યા છે. આ ગેંગ સામે લાંબા સમયથી ગંભીર ગુનાઓના આક્ષેપો હતા અને શહેરમાં દહેશત ફેલાવવાના પ્રયાસો કરવામાં આવતા હતા. પોલીસના આ કડક પગલાંને કારણે શહેરમાં કાયદો અને વ્યવસ્થા મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# રાજકોટમાં લવ જેહાદ

## મુસ્લિમ શખ્સના ત્રાસથી પરિણીતાનો આપઘાતનો પ્રયાસ





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં સોશિયલ મીડિયાના માધ્યમથી શરૂ થયેલી મિત્રતા એક ભયાનક વળાંક પર આવીને અટકી છે. ઈન્સ્ટાગ્રામ (Instagram) પર થયેલી ઓળખાણ બાદ, અફઝલ નામના શખ્સે પરિણીતાને પોતાની જાળમાં ફસાવી ધર્માંતરણ માટે મજબૂર કરી હતી. પીડિતાના જણાવ્યા મુજબ, આરોપી તેને ગોંડલ રોડ (Gondal Road) પર આવેલી એક હોટલમાં લઈ જઈને દુષ્કર્મ ગુજારતો હતો અને તેના ખાનગી ફોટા-વીડિયો વાયરલ કરવાની ધમકી આપી લાંબા સમયથી બ્લેકમેલ કરતો હતો. આરોપી એટલી હદે હાવી થઈ ગયો હતો કે તેણે પરિણીતાને દરગાહમાં લઈ જઈને બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન (Religious Conversion) કરવા માટે દબાણ કર્યું હતું. અફઝલ સાથે ભાગી જવા માટે અન્ય એક યુવતી અનિશા પણ પરિણીતા પર સતત દબાણ બનાવી રહી હતી. આ માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને ગઈકાલે પરિણીતાએ એસિડ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પતિની સતર્કતાને કારણે તેનો જીવ બચી ગયો છે.ગંભીર બાબત એ છે કે આરોપી અફઝલ વિરુદ્ધ અગાઉ પણ ત્રણ FIR નોંધાયેલી હોવા છતાં, પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવી હોવાનો પરિણીતાએ આક્ષેપ કર્યો છે. હાલ આ મામલે તપાસ તેજ બની છે, પરંતુ આ ઘટનાએ શહેરમાં સુરક્ષા અને કાયદા વ્યવસ્થા સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

### તમારો વોર્ડ તમારો હક : લોકોની ફરિયાદોનો ઢગલો...

# મેયર, ડેપ્યૂટી મેયરના વોર્ડની દશા-દિશા બગડી!

## વોર્ડ નં. 9


» કાંકરા ઉડતા વાહનો સ્લિપ થાય છે, 200 પરિવારો પારાવાર મુશ્કેલીમાં મુકાયા


## બ્લોક હટાવી ડામર રોડ ન બનાવતા રહીશોમાં રોષ

### » એન્જિનિયરે ડીઝલની અછતનું બહાનું કાઢ્યું, ૪ કોર્પોરેટરો પણ કોઈ દાદ નથી આપતા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મનપાના વોર્ડ નંબર ૯ સ્થિત વૃંદાવન હાઉસીંગ કો. ઓપ. સોસાયટી (અવધ મેઈન રોડ) ના રહીશો તંત્રથી ત્રસ્ત છે. પ્રમુખ રાહુલ સોલંકીના જણાવ્યા મુજબ, અહીંના ૧૦૦ મીટર રસ્તા પર ૨ વર્ષથી પેવર બ્લોક હતા. પરંતુ, ૧ મહિના પહેલા ડામર રોડ બનાવવાના બહાને કોન્ટ્રાક્ટરે બ્લોક ઉખાડી લીધા હતા. એક મહિનો વીતવા છતાં કામગીરી શરૂ ન થતાં રહીશો હેરાન છે. રસ્તા પરથી બ્લોક કાઢી લેવાતા હાલ મોટા કાંકરાઓ ઉડી રહ્યા છે. જેથી ટુ-વ્હીલર ચાલકો વારંવાર સ્લિપ થતાં લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. આ બિસ્માર રસ્તાના કારણે સોસાયટીના ૨૦૦ પરિવારો પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ૧૫ દિવસ પહેલા વોર્ડ એન્જિનિયર વિશાલ વાગડીયાને રજૂઆત કરતા તેમણે રસ્તા પર માત્ર રોલ ફેરવ્યો હતો. બાદમાં વોર્ડ એન્જિનિયર વી. સી. કારીયાએ "યુદ્ધના કારણે ડીઝલની અછત હોવાથી ડામર કામ અટક્યું છે" તેવો ઉડાઉ જવાબ આપી ફોન કાપી નાખ્યો હતો. અધિકારીઓના આવા વર્તન બાદ રહીશોએ વોર્ડ ૯ ના ચારેય કોર્પોરેટરોને ૬ અને ૧૪ જૂને વોટ્સએપ પર રસ્તાના ફોટા અને વીડિયો મોકલ્યા હતા. આમ છતાં, આજદિન સુધી કોઈ કોર્પોરેટર કે અધિકારીએ સ્થળ મુલાકાત લીધી નથી. જો આ રસ્તા પર કોઈ મોટી દુર્ઘટના ઘટશે તો સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે તેવી રહીશોએ ચીમકી આપી છે.

## વોર્ડ નં. 7



## પ્રી-મોન્સૂન કામગીરીમાં શોમેનશીપ વધુ, કામગીરી ઓછી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં પ્રી મોન્સુન કામગીરીને લઈને તંત્ર સામે દર વર્ષે સવાલો ઉઠે છે, આ વખતે નવા આવેલા મેયરશ્રીએ એક અઠવાડિયા પહેલા તમામ કોર્પોરેટરને પોતાના વિસ્તારમાં પ્રિ મોન્સૂન કામગીરી ઝડપથી થાય એ માટે લેસન આપ્યું હતું બીજા જ દિવસે બધા કોર્પોરેટરોએ ફોટો શેષન કર્યું પરંતુ હજુ સુધી વોકળા સાફ થયા નથી, બે દિવસ પહેલા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ફોટો સેશન થયું એક કોર્પોરેટરે પોતાના વોર્ડમાં કચરાના ન્યૂ સંસ પોઈન્ટ કે વોકળા પાસે ફોટો પડાવ્યો ન હતો. જેથી જ કહી શકાય કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સેવા કરવા નહીં ફક્ત શોમેનશીપ કરવા જ આવ્યા છે તેમ સામાજિક અગ્રણી અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડિરેક્ટર રાજુ જુંજા એ જણાવ્યું હતું.



તસવીરઃ અક્ષય ગોંડલિયા

### ખર્ચ ઘટાડવા RMCનો કડક નિર્ણય

# RMCના કરાર આધારિત ચાલતા 51 વાહનો બંધ કરાશે

## સ્ટેન્ડિંગ ચેરમેને કહ્યું, 22 શાખાના વાહનો બંધ કરવામાં આવશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા (RMC)ની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના પાણી પુરવઠા મુદ્દે મહત્વપૂર્ણ ચર્ચા અને નિર્ણય લેવામાં આવ્યા છે. સ્માર્ટ સિટી બનવાની દાવાઓ વચ્ચે શહેરમાં હજુ પણ “ટેન્કર રાજ” યથાવત હોવાનો મુદ્દો સામે આવ્યો છે. માહિતી મુજબ, આગામી એક વર્ષ માટે શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી વિતરણ માટે આશરે ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ પાણી પુરવઠો મુખ્યત્વે ટેન્કરો દ્વારા પૂરો પાડવામાં આવશે, જેને લઈને વિરોધ અને સવાલો બંને ઉઠી રહ્યા છે.

આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળિયાએ નિવેદન આપતા જણાવ્યું કે, “આ સ્થિતિ કાયમી નથી. અમે એક વર્ષમાં વેસ્ટ ઝોનને સંપૂર્ણપણે ટેન્કરમુક્ત બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. તે માટે ડીઆઇ પાઇપલાઇન નાખવાની કામગીરી હાલ પ્રગતિ પર છે.”

તેમણે વધુમાં જણાવ્યું કે, શહેરમાં કાયમી પાણી પુરવઠા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવામાં આવી રહ્યું છે, જેથી ભવિષ્યમાં ટેન્કર પર નિર્ભરતા ઘટાડવામાં આવે. હાલ, એક તરફ સ્માર્ટ સિટી પ્રોજેક્ટની વાતો અને બીજી તરફ ટેન્કર દ્વારા પાણી પુરવઠા જેવી પરિસ્થિતિને કારણે શહેરના નાગરિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. હવે જોવાનું રહ્યું કે RMCનો ટેન્કરમુક્ત શહેરનો દાવો કેટલો ઝડપી અને અસરકારક રીતે સાકાર થાય છે.

### 5 કરોડનો ટેન્કર પ્લાન મંજૂર

# 1 વર્ષ શહેર ટેન્કર મુક્તનો લક્ષ્યાંકઃ સ્ટેન્ડિંગ ચેરમેન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા (RMC)ની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના ખર્ચમાં ઘટાડો લાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને પેટ્રોલ અને ડિઝલ પાછળ થતા વધતા ખર્ચને કાબૂમાં લેવા માટે કરાર આધારિત વાહનો બંધ કરવાની દિશામાં પગલું ભરાયું છે.માહિતી મુજબ, શહેરની વિવિધ ૨૨ શાખાઓમાં ચાલતા આશરે ૫૧ જેટલા કરાર આધારિત વાહનો બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણયથી મહાનગરપાલિકાના દૈનિક ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.તાજેતરમાં ઈંધણના ભાવ અને વપરાશમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો હોવાનું જણાવાયું છે. અધિકારીઓના કહેવા મુજબ, જરૂરી સેવાઓ પર કોઈ અસર ન પડે તે રીતે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવશે.RMCનો આ નિર્ણય ખર્ચ નિયંત્રણ તરફનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે, ત્યારે હવે જોવાનું રહ્યું કે આ અમલ કેટલો અસરકારક સાબિત થાય છે અને શહેરની સેવાઓ પર તેનો શું પ્રભાવ પડે છે.



## 30 વર્ષમાં પહેલીવાર પ્રથા બંધ; હવે પાલિકામાં ચૂંટાયેલી પાંખનું જ સંકલન

# શહેર ભાજપ કાર્યાલયે મહાપાલિકાની મળતી સંકલન બંધ!




## વિકાસ કામોમાં ભાજપ સંગઠન આડી નહીં ઉતરે : લગામ કસાઈ




## અગાઉ સંગઠનના હોદ્દેદારોએ શું કર્યું તેનો રિપોર્ટ પણ તૈયાર કરાશે ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પાલિકાના વિકાસનાં કામોને મંજૂરી આપવામાં આંતરિક ખેંચતાણ અને જૂથબંધીની ફરિયાદો વચ્ચે પ્રદેશ ભાજપ સંગઠને આકરો નિર્ણય કર્યો છે. પ્રદેશ સંગઠને સ્પષ્ટ સૂચના આપી કે, શહેરના વિકાસમાં ભાજપ સંગઠન ચંચૂપાત નહીં કરે. પાલિકાના વહીવટથી તદ્દન દૂર રહેવા પ્રદેશે શહેર સંગઠનને કડક તાકીદ કરી છે નવા આદેશ મુજબ સ્થાયી સમિતિ કે સભા પૂર્વે ભાજપ કાર્યાલયમાં મળતી સંકલન બેઠક હવેથી નહીં મળે.

અત્યાર સુધી એવી વ્યવસ્થા હતી કે સ્થાયીની બેઠક અને સભા પૂર્વે ભાજપ કાર્યાલયમાં સંગઠનના હોદ્દેદારો સાથે પાલિકાના પદાધિકારીઓ અને કાઉન્સિલરોની બેઠક મળતી હતી, જેમાં નિર્ણયો થોપાતા હોવાની ચર્ચા ચાલી હતી. જોકે ગાંધીનગરમાં ૨ દિવસ પૂર્વે અન્ય પાલિકાના પદાધિકારીઓ અને સંગઠન સાથે રાજકોટની ટીમને ખાસ બોલાવી કડક સૂચના અપાઈ છે.

હવે વિકાસનાં કામો પર નિર્ણય લેવાની તમામ સત્તા પાલિકાના ૫ પદાધિકારી અને સ્થાયીના ૧૧ સભ્યોને સોંપાઈ છે. આ ૧૬ લોકો જ સ્થાયી અને સભાના એજન્ડા પર ચર્ચા કરશે. અગાઉના બોર્ડમાં ટાંટિયાં ખેંચ, જૂથબંધી, પોતાના વિસ્તારનાં કામો માટે જીદ કરવી અને બીજા વિસ્તારનાં કામોના વિરોધની પ્રથા પડી હતી, જેથી અનેક કામો અટવાયાં હતાં.

પાલિકામાં ૧૯૯૫માં ભાજપનું બોર્ડ બેઠું હતું ત્યારથી પ્રમુખની અધ્યક્ષતામાં કાર્યાલયે વિકાસનાં કામો અર્થે ચર્ચા કરાતી હતી. સૂત્રો મુજબ ૧૯૯૯થી ૨000 દરમિયાન શહેર ભાજપ પ્રમુખ સહિતની ટીમ પાલિકામાં આવી સંકલન કરતા હતા. જોકે હવે પછી આ પ્રણાલી બદલાઈ જશે. 30 વર્ષ બાદ ભાજપ કાર્યાલયની સંકલન ભૂતકાળ બનશે.




## સમયસર દંડ નહી ભરો તો 'વાહન પોર્ટલ' પર વાહન થશે બ્લોક

# ટ્રાફિક નિયમો કડક

# 1 વર્ષમાં 5 થી વધુ ઈ-ચલણ તો લાઈસન્સ સસ્પેન્ડ!

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકો માટે હવે વધુ કડક નિયમો અમલમાં આવ્યા છે. નવા નિયમો મુજબ એક જ વર્ષમાં પાંચ કે તેથી વધુ વખત ઈ-ચલણ મેળવનાર વાહનચાલકનું ડ્રાઈવિંગ લાઈસન્સ તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવશે. આ ઉપરાંત વાહનચાલકો સમયસર દંડ નહીં ભરો તો વાહન પોર્ટલ પર વાહન બ્લોક થશે.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા કેન્દ્રીય મોટર વાહન નિયમોમાં મહત્ત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. આ નવા સુધારાઓ મુજબ ઈ-ચલણ અંગે વાહનચાલકો અને માલિકો માટે ફરિયાદ નિવારણ, રકમ ભરપાઈ કરવાની મુદત તેમજ લાઈસન્સ સસ્પેન્શન અંગેની જોગવાઈઓ વધુ કડક બનાવવામાં આવી છે.

જો કોઈ પણ વાહનચાલક કે માલિકને ઈશ્યુ થયેલા ઈ-ચલણ સામે કોઈ વાંધો, ભૂલ કે રજૂઆત હોય, તો ચલણ ઈશ્યુ થયાની તારીખથી ૪૫ દિવસની સમયમર્યાદામાં 'ઈ-ચલણ પોર્ટલ' પર ઓનલાઈન ફરિયાદ દાખલ કરી શકાશે. ચલણ ઈશ્યુ થયાના ૪૫ દિવસ બાદ જો કોઈ ફરિયાદ નોંધાવવામાં નહીં આવે, તો

### 45 દિવસમાં ફરિયાદ કે રજૂઆત કરવાની તક

એવું માની લેવામાં આવશે કે વાહન માલિક અથવા ડ્રાઈવર દ્વારા ચલણનો સ્વીકાર કરી લેવાયો છે. ચલણ સ્વીકૃતિના આ દિવસથી આગામી 30 દિવસની અંદર ચલણની રકમની ભરપાઈ કરવાની રહેશે.

જો નિયત સમયમર્યાદામાં ચલણની રકમ ભરવામાં નહીં આવે, તો જ્યાં સુધી રકમ પૂરેપૂરી ભરપાઈ ન થાય ત્યાં સુધી 'વાહન પોર્ટલ' પર સંબંધિત વાહનને "Not to be transacted" એટલે કે, બ્લોક કરી દેવાશે. આ સ્થિતિમાં, મોટર વાહનના સરકારી ટેક્સ સિવાયની તમામ સેવાઓ જેવી કે ડ્રાઈવિંગ લાઈસન્સ પ્રક્રિયા, આર.સી. બુક અથવા વાહન સંબંધિત અન્ય કોઈ પણ અરજીઓ પર કોઈ પણ પ્રકારની વહીવટી પ્રક્રિયા થઈ શકશે નહીં.

નવા સુધારાની સૌથી કડક જોગવાઈ અનુસાર, જો કોઈ એક જ વાહન માલિક અથવા ડ્રાઈવરને એક જ વર્ષમાં ૫ કે તેથી વધુ વખત ચલણ ઈશ્યુ કરવામાં આવશે, તો તે વાહનચાલકનું ડ્રાઈવિંગ લાઈસન્સ તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારે તમામ વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તેમજ બાકી રહેલા ઈ-ચલણ સમયસર ભરી દેવા અપીલ કરી છે, જેથી વાહન બ્લોકિંગ અને લાઈસન્સ સસ્પેન્શન જેવી કડક કાર્યવાહીથી બચી શકાય.

### દંડની 50% રકમ ડિપોઝિટ કરાવી કોર્ટમાં અપીલ કરી શકાશે

જો ફરિયાદ નિવારણ સત્તાધિકારી દ્વારા વાહનચાલકની રજૂઆતને નકારી દેવામાં આવે, તો ચાલકે ત્યારબાદ 30 દિવસમાં ચલણની પૂરી રકમ ભરવી પડશે અથવા ચલણની રકમના ૫૦% રકમ ઈ-ચલણ પોર્ટલ પર ડિપોઝિટ તરીકે જમા કરાવી કોર્ટ સમક્ષ અપીલ કરવાની રહેશે. જો આ બંનેમાંથી કોઈ પ્રક્રિયા કરવામાં ન આવે, તો ચલણ સ્વીકૃત માની લેવાશે અને ૧૫ દિવસમાં રકમ ચૂકવવી પડશે. આવું ન કરનાર વાહનને "વાહન પોર્ટલ" પર "Not to be transacted" તરીકે બ્લોક કરવામાં આવશે.

# નર્મદાની માળિયા બ્રાન્ચ કેનાલ કોરીકટ



# ખેડૂતો રડશે !

## 25 વર્ષથી એ જ હાલત, નર્મદાનું પાણી ક્યાં ગાયબ થાય છે ?



## સ્થિતિ કેટલી ગંભીર કે ખેડૂતોએ પોલીસ પ્રોટેક્શન સાથે પાણી આપવાની માંગ કરી



ચોમાસા પહેલા જ સંકટઃ ખેતી ખતરામાં !

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી જિલ્લામાં આવેલી નર્મદાની માળિયા બ્રાન્ચ કેનાલમાં સિંચાઈ માટે પાણી છોડવામાં આવ્યું હોવાના દાવા વચ્ચે દર વર્ષની જેમ આ વર્ષે પણ છેવાડાના ગ્રામ્ય વિસ્તારો સુધી પાણી ન પહોંચતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. માળિયા (મી) તાલુકાના આશરે આઠ જેટલા ગામોમાંથી પસાર થતી કેનાલ હાલમાં સાવ કોરી કટ પડી છે, જેના કારણે આગોતરું વાવેતર કરનારા અને તેની તૈયારી કરતા ખેડૂતો ભારે મૂંઝવણમાં મુકાઈ ગયા છે.

વિશાળનગરના ઉપસરપંચ મુન્નાભાઈ ઉઘરેજાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, "વર્ષ ૨૦૦૧થી આ કેનાલ કાર્યરત કરવામાં આવી છે. પરંતુ છેલ્લા ૨૫ વર્ષનો ઈતિહાસ છે કે જ્યારે ઉનાળાના અંતમાં ખેડૂતોને આગોતરા વાવેતર માટે પાણીની ખરી જરૂર હોય છે, ત્યારે કેનાલ ખાલીખમ હોય છે.

જ્યારે ચોમાસું જામી જાય અને વરસાદ પડી જાય, ત્યારપછી કેનાલમાં પાણી છોડાય છે. આનાથી કેનાલ બનાવવાનો મૂળ હેતુ જ માર્યો જાય છે."

સુલતાનપુરના અગ્રણી ભાવેશભાઈ વિડજાના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા ઉપરથી પાણી છોડાય છે પરંતુ સુરેન્દ્રનગર જિલ્લાના ઉપરવાસના વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે કેનાલના ગેટ ખોલીને તેમજ બકનળીઓ મૂકીને પાણીનો બેફામ ઉપાડ અને વેડફાટ કરવામાં આવે છે.જવાબદાર અધિકારીઓની ઢીલી નીતિને કારણે એક તરફ પાણીનો બગાડ થાય છે અને બીજી તરફ છેવાડાના ગામો સુકાભઠ્ઠ રહે છે.થોડા દિવસો પહેલા માત્ર ગણતરીના કલાકો પૂરતું ખીરઈ ગામ સુધી પાણી પહોંચ્યું હતું, પરંતુ ત્યાર બાદ કેનાલ ફરીથી કોરી કટ થઈ ગઈ છે.

માળિયા બ્રાન્ચ કેનાલના પાણી પર આધારિત સુલતાનપુર, વિશાલનગર, ખીરઈ સહિતના કુલ આઠ ગામોના ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે.

સ્થાનિક ખેડૂત અલ્પેશભાઈ વિડજાએ જણાવ્યું કે, "ઘણા ખેડૂતોએ વરસાદ પહેલા કેનાલના ભરોસે મોંઘા બિયારણ લાવીને આગોતરું વાવેતર કરી લીધું છે, જે હવે પાણી વિના સુકાઈ રહ્યું છે. જ્યારે અન્ય ખેડૂતો ખેતરો ખેડીને પાણીની રાહ જોઈને બેઠા છે."

ખેડૂતોએ તંત્ર સામે સવાલ ઉઠાવતા માંગ કરી છે કે, જે રીતે ખાનગી કંપનીઓને વીજપોલ ઊભા કરવા માટે તંત્ર દ્વારા પોલીસ પ્રોટેક્શન પૂરું પાડવામાં આવે છે, તેવી જ રીતે નર્મદા કેનાલ પર પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવે. જેથી ઉપરવાસમાં થતી પાણીની ચોરી અટકે અને છેવાડાના ખેડૂતોને તેમના હકનું સિંચાઈનું પાણી મળી શકે.

### સ્માર્ટ સિટી કે સ્માર્ટ બગાડ; તંત્ર ભૂલ ઉપર ભૂલ કરી રહ્યું છે

# મહાપાલિકા ઊંઘમાં; 24 કલાક લાઈટ્સ ચાલુ!

- કોઠારિયા વિસ્તારમાં શહેર વ્યવસ્થાનો વિસંગત ચિત્ર !
- જ્યાં જરૂર ત્યાં અંધારૂ અહીં દિવસમાં લાઈટ ચાલુ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના કોઠારિયા રોડ વિસ્તારમાં છેલ્લા બે દિવસથી એક વિચિત્ર અને ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. અહીં રોડ ઉપરની સ્ટ્રીટ લાઈટ્સ ૨૪ કલાક ચાલુ રાખવામાં આવી રહી છે, જેના કારણે જાહેર નાણાંનો વ્યર્થ ખર્ચ થતો હોવાનો લોકોનો આક્ષેપ છે.સ્થાનિક નાગરિકોના જણાવ્યા મુજબ, રાત્રે ચાલુ રહેવાની જગ્યાએ આ લાઈટ્સ દિવસ દરમિયાન પણ ચાલુ રહે છે. એકાદ લાઈટ ચાલુ રહે તો ટેક્નિકલ ખામી માનવી શક્ય છે, પરંતુ અહીં આખા રોડની લાઈટ્સ સતત ચાલુ રહેતા લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.આ મુદ્દે નાગરિકોએ જણાવ્યું કે તેઓ ટેક્સના રૂપિયામાં ચૂકવણી કરે છે, પરંતુ આવી બેદરકારીને કારણે વીજળીનો બિનજરૂરી વેડફાટ થાય છે. શહેરના કેટલાક વિસ્તારોમાં હજુ પૂરતી સ્ટ્રીટ લાઈટ સુવિધા ઉપલબ્ધ નથી, ત્યારે જ્યાં જરૂર નથી ત્યાં ૨૪ કલાક લાઈટ ચાલુ રહેવી ગંભીર પ્રશ્ન ઊભો કરે છે.

અગાઉ અન્ય શહેરોમાં પણ આવી સમસ્યાઓ સામે આવી છે, જ્યાં સ્ટ્રીટ લાઈટ સમયસર બંધ ન થવાને કારણે વીજળીનો વ્યર્થ ખર્ચ થતો હોવાની ફરિયાદો ઉઠી હતી. રાજકોટમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ એલઈડી સ્ટ્રીટ લાઈટ અને સેન્ટ્રલાઈઝ્ડ કંટ્રોલ સિસ્ટમ લાગુ કરવાની યોજના પણ રહી ચૂકી છે, જેનો હેતુ ઊર્જા બચત કરવાનો હતો . છતાં, હાલની પરિસ્થિતિ દર્શાવે છે કે મોનીટરીંગ અને જાળવણીમાં ખામી હોઈ શકે છે. સ્થાનિક લોકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે જવાબદાર વિભાગ દ્વારા તાત્કાલિક તપાસ થાય, જ્યાં જરૂર છે ત્યાં લાઈટની વ્યવસ્થા કરવામાં આવે અને બિનજરૂરી વીજળી વેડફાટને રોકવા પગલાં લેવાય. હવે જોવાનું રહ્યું કે રાજકોટ મહાપાલિકા આ મુદ્દે કેટલો ઝડપથી પગલાં લે છે અને નાગરિકોની ફરિયાદને કેટલો પ્રાથમિકતા આપે છે.



## સોશિયલ મીડિયા ઈન્ફ્લૂએન્સર અપૂર્વ માખીજા

# દુબઈનો શેખ 15 કરોડ આપે તો હું સેક્સ કરી શકું !



**સિટી ન્યૂઝ@મુંબઈ**

'જો દુબઈના શેખ મને ૧૫ કરોડ રૂપિયા આપે તો હું સમાધાન કરવા તૈયાર છું' એમ કહેતા વાયરલ વીડિયો પર અપૂર્વ માખીજા ટ્રોલ થયા સોશિયલ મીડિયા પ્રભાવક અપૂર્વ માખીજા ફરી એકવાર વિવાદમાં ફસાઈ ગયા છે. તેમનો એક જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે અને લોકો તેમના નિવેદનો માટે તેમને ટ્રોલ કરી રહ્યા છે.સોશિયલ મીડિયા પર 'રેબેલ કિડ' તરીકે પ્રખ્યાત પ્રભાવક અપૂર્વ માખીજા ફરી એકવાર વિવાદમાં ફસાઈ ગયા છે. તેમનો એક જૂનો વીડિયો ફરી વાયરલ થયો છે, જેમાં તે કહે છે કે જો તેમને આકર્ષક ઓફર મળે તો તે સમાધાન કરવા તૈયાર રહેશે. આમાં, તેણીએ દુબઈના શેખ સાથે સેક્સ કરવાનો પણ ઉલ્લેખ કર્યો છે.આ વાયરલ વીડિયોમાં, અપૂર્વ માખીજા કહે છે કે હું નાની ભૂમિકા માટે સમાધાન નહીં કરું, પરંતુ હું ચોક્કસપણે એક મોટી અને ખૂબ જ આકર્ષક ઓફર વિશે વિચારી શકું છું. તેણીએ કહ્યું, "સાહેબ, હું ૨ રૂપિયાના રોલ માટે કોઈની સાથે સુઈશ નહીં. જો દુબઈમાં કોઈ શેખ મને ૧૦-૧૫ કરોડ રૂપિયાની ઓફર કરે છે, તો હું તેનો વિચાર કરીશ. પણ ફક્ત એક જ રોલ માટે? બિલકુલ નહીં."આ જ વીડિયોમાં, તેણીએ કહ્યું હતું કે એક કાસ્ટિંગ ડિરેક્ટરે તેનો સંપર્ક કર્યો હતો. તે સમયે, સાવચેત રહીને, તેણીએ તેને પોતાના બદલે તેના મેનેજરનો ફોન નંબર આપ્યો. 'સૂ' નામની એક મિત્રએ આ સાંભળ્યું અને તેને લાગ્યું કે અપૂર્વ કોઈને ડેટ કરી રહી છે. અપૂર્વનો આ જૂનો વીડિયો વાયરલ થયા પછી, લોકો તેના વિશે પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. લોકો કહે છે કે આવા નિવેદનો આપવા છતાં, અપૂર્વાને કામ મળતું રહે છે. તે બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ અને OTT વેબ સિરીઝમાં કામ કરે છે, અને તે એક લોકપ્રિય સોશિયલ મીડિયા પ્રભાવક તરીકે પણ જાણીતી છે.

## હું બે રૂપિયાના રોલ માટે કોઈની સાથે નહીં સૂવું: મને માફ કરો

## પંજાબની ચોંકાવનારી ઘટના

# ચાર મહિલાઓએ એક પુરુષનું અપહરણ કરી જાતિય શોષણ કર્યું

## મહિલાઓ ડ્રગ્સ લઈ રહી હતી




**સિટી ન્યૂઝ@પંજાબ**

પંજાબમાં કારમાં સવાર ચાર મહિલાઓએ એક પુરુષનું અપહરણ કર્યું અને તેનું જાતીય શોષણ કર્યું હોવાનો આરોપ છે.તેણે કહ્યું કે તેની આંખોમાં કોઈ કેમિકલ છાંટીને તેનું સફેદ કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું.પંજાબમાં કારમાં સવાર ચાર મહિલાઓએ એક પુરુષનું અપહરણ કર્યું અને તેનું જાતીય શોષણ કર્યું હોવાનો આરોપ છે.પંજાબના જલંધર શહેરમાં ચાર મહિલાઓ, જે બધી જ ૨૦ વર્ષની શરૂઆતમાં હતી, તેમણે સરનામું પૂછવાના બહાને ચામડાની ફેક્ટરીમાં મજૂર તરીકે કામ કરતા એક પુરુષનું અપહરણ કર્યું હતું અને તેનું જાતીય શોષણ કર્યું હતું. જોકે, પીડિતા દ્વારા કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

પીડિતાએ દાવો કર્યો હતો કે જ્યારે તે સરનામું બતાવી રહ્યો હતો ત્યારે મહિલાઓએ તેને બેભાન કરી દીધો અને તેનું અપહરણ કર્યું.તેણે કહ્યું કે તેની આંખોમાં કોઈ રસાયણ છાંટીને તેનું સફેદ કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું. બાદમાં, તેને મોડી રાત્રે એકાંત સ્થળે ફેંકી દેવામાં આવ્યો.તે માણસે કહ્યું કે તેણે પોલીસમાં ગુના અંગે ફરિયાદ કરી નથી.તેમણે સ્થાનિક મીડિયાને ગુનાનો ક્રમ વર્ણવ્યો.જોકે, પીડિતાના વીડિયોની સત્યતા IANS દ્વારા ચકાસી શકાતી નથી . વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ પણ કહ્યું હતું કે જો તેનું જાતીય શોષણ થયું હોય, તો તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવવી જોઈએ. એક સ્થાનિક દૈનિક સાથેની મુલાકાતમાં, પીડિતાએ દાવો કર્યો હતો કે તેની પત્નીએ તેને ફરિયાદ ન નોંધાવવા કહ્યું હતું.તેમણે આરોપ લગાવ્યો કે ચાર કાર સવાર મહિલાઓ દ્વારા અપહરણ જાતીય શોષણ




માટે કરવામાં આવ્યું હતું.કાર ઉભી રહી જતાં, એક છોકરીએ સ્લિપ પર લખેલા સરનામા વિશે પૂછ્યું.

જ્યારે તે સરનામું વાંચી રહ્યો હતો, ત્યારે તેમાંથી એક છોકરીએ તેની આંખોમાં કંઈક છાંટી દીધું, જેના કારણે તે અંધ થઈ ગયો.તેમણે આરોપ લગાવ્યો કે મહિલાઓ તેને એકાંત સ્થળે લઈ ગઈ જ્યાં તેઓએ તેને ડ્રગ્સ આપ્યું.

## શ્રી પત્રી વીસા ઓસવાળ જૈન મહાજન સંચાલિનો નિર્ણય

# 30 વર્ષની ઊંમરમાં બે સંતાન કરો 10 લાખ રૂપિયા મેળવો

## સમાજમાં વહેલા લગ્ન અને સંતાનપ્રાપ્તિને પ્રોત્સાહન આપતી યોજના દાતાઓના સહયોગથી અમલમાં મૂકવામાં આવે છે




**સિટી ન્યૂઝ@કચ્છ**

આધુનિક યુગમાં શિક્ષણ, કારકિર્દી અને વ્યાવસાયિક સફળતાને પ્રાધાન્ય મળતાં યુવાનોમાં લગ્નની ઉંમર સતત વધી રહી છે. લગ્ન મોડાં થવાને કારણે સંતાનપ્રાપ્તિ પણ મોડેથી થઈ રહી છે, જેના પરિણામે સમાજના જન્મદરમાં ચિંતાજનક ઘટાડો નોંધાઈ રહ્યો છે. જો આ પ્રવૃત્તિ લાંબા ગાળે યથાવત્ રહે તો સમાજની વસ્તી, સામાજિક માળખું અને આગામી પેઢીના વિકાસ પર એની સીધી અસર પડી શકે છે.આ ગંભીર અને સમયોચિત મુદ્દાને ધ્યાનમાં રાખીને કચ્છના પત્રી ગામના શ્રી પત્રી વીસા ઓસવાળ જૈન મહાજન સંચાલિત શ્રી પત્રી મુંબઈ મહાજને તેમના સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત એક ક્રાન્તિકારી અને દૂરંદેશી યોજના જાહેર કરી છે. સમાજના આગેવાનોના મતે આ યોજના માત્ર ઇનામ કે આર્થિક સહાય પૂરતી મર્યાદિત નથી; સમાજના ભવિષ્યને સુરક્ષિત બનાવવા, પરિવાર-પ્રણાલીને વધુ મજબૂત બનાવવા અને નવી પેઢીના નિર્માણ માટેનું એક સામાજિક અભિયાન છે. સમાજમાં વહેલાં લગ્ન અને સંતાનપ્રાપ્તિને પ્રોત્સાહન આપતી આ યોજના દાતાઓના સહયોગથી અમલમાં મૂકવામાં આવી રહી છે એમ જણાવતાં આ મહાજનના સેક્રેટરી હિતેષ સાવલાએ ’મિડ-ડે’ને કહ્યું હતું કે ’આજનો યુવાવર્ગ તેના જીવનમાં કરીઅરને વધુ પ્રાધાન્ય આપવા લાગ્યો છે જેને કારણે તેઓ પહેલાં એજ્યુકેશન પાછળ વર્ષો કાઢી નાખે છે અને ત્યાર પછી તેમના જૉબમાં વ્યસ્ત બની જાય છે. તેથી તેમનાં મૅરેજ મોડી ઉંમરે થાય છે અથવા તો તેમને મૅરેજનો રસ રહેતો નથી. એને કારણે સમાજમાં જન્મદર ઘટી રહ્યો છે, વસ્તી ઘટતી જાય છે. આથી અમે ઘણા સમયથી એક યોજના પર અભ્યાસ કરીને એને કેવી રીતે અમલમાં મૂકવી એના પર વિચારણા કરી રહ્યા હતા. આખરે તાજેતરમાં સમાજની એક પિકનિક દરમ્યાન અમારી યોજના સમાજ સમક્ષ મૂકીને એના અમલની શરૂઆત કરી હતી. જેવી આ યોજનાની જાહેરાત થઈ કે તરત જ દાતાઓએ પણ આ યોજનાને સફળતાપૂર્વક પાર કરવા માટે ખોબલે-ખોબલે દાનની રકમ આપી હતી.

## તંત્રી લેખ



લોકોના આરોગ્ય સાથે ખેલ; જ્યાં દરોડા પાડ્યા તે હોટલો આજે ચાલુ બોલો !

# નકલીનો નગ્ન નાચ; ખોરાકમાં વંદા-ધનેડા છતાં લાયસન્સ રદ્દ કેમ નહીં ?

### આરોગ્ય મંત્રી પ્રફૂલજી દરોડા બાદ પણ ધંધો ચાલુ, કાયદાનો ડર શા માટે નથી ?

રાજ્યભરમાં ભેળસેળ સામે દરરોજ દરોડા પડે છે. સેમ્પલ લેવાય છે, ભેળસેળિયા ઝડપાય છે અને મોટા દાવા પણ થાય છે. છતાં હકીકત એ છે કે આ કાળો કારોબાર આજે પણ બેફામ ચાલુ છે. સૌથી મોટો સવાલ એ છે કે, જ્યારે દરરોજ કાર્યવાહી થાય છે, ત્યારે અસરકારક અંકુશ કેમ નથી આવતો? શું આ બધું માત્ર દેખાવ પૂરતું છે?

રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ "ઝીરો ટોલરન્સ"ની વાત કરી છે, પરંતુ જમીન પરની હકીકત બિલકુલ જુદી છે. પનીર, ઘી, લોટ જેવી રોજબરોજની વસ્તુઓમાં ભેળસેળના કિસ્સાઓ વારંવાર સામે આવે છે. વધુ ચોંકાવનારી વાત તો એ છે કે હોટલ અને રેસ્ટોરન્ટમાં દરોડા દરમિયાન અધિકારીઓની હાજરીમાં જ ખોરાકમાંથી જીવાતો નીકળે છે.



• તંત્રી •
**અનિરુદ્ધ નકુમ**

અહીં સૌથી મોટો પ્રશ્ન ઊભો થાય છે. જ્યારે ખોરાકમાં જીવાતો મળે છે, લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખેલ થાય છે, ત્યારે એ હોટલ કે વેપારીનું લાયસન્સ તરત રદ્દ કેમ નથી કરવામાં આવતું? કેમ દંડ લઈને કે ચેતવણી આપી ફરીથી એ જ ધંધો ચાલુ રાખવાની છૂટ આપવામાં આવે છે?,આ પરિસ્થિતિ સ્પષ્ટ કરે છે કે સિસ્ટમમાં ક્યાંક ગંભીર ખામી છે. કાયદામાં એવી છૂટછાટ છે કે ભેળસેળિયા પકડાયા પછી પણ સરળતાથી છૂટી જાય છે. તેઓ માટે દંડ માત્ર "ધંધાનો ખર્ચ" બની ગયો છે. પરિણામે, લોકોના આરોગ્ય સાથે રમખાણ ચાલુ જ રહે છે.

જ્યારે લોકોની થાળીમાં જ ઝેર ભળે છે, ત્યારે આ મુદ્દો માત્ર કાયદો અમલમાં મૂકવાનો નથી આ લોકોના જીવન અને વિશ્વાસનો પ્રશ્ન છે. જો સરકાર અને તંત્ર આ મામલે કડક નહીં બને, તો "ઝીરો ટોલરન્સ" માત્ર એક નારો બનીને રહી જશે.

હવે સમય છે કડક નિર્ણય લેવાનો ભેળસેળ પકડાય તો તરત જ લાયસન્સ કાયમ માટે રદ્દ વારંવાર ગુનો કરનારાઓ સામે ફોજદારી કેસ ફાસ્ટ-ટ્રેક કોર્ટ દ્વારા ઝડપી સજા અને તંત્રની જવાબદારી નક્કી કરવી જ્યાં સુધી ભેળસેળ કરનારાઓમાં કાયદાનો સાચો ડર ઉભો નહીં થાય, ત્યાં સુધી આ નકલીનો નગ્ન નાચ બંધ થવાનો નથી. સરકાર કડક બનશે કે લોકોના આરોગ્ય સાથે આ ખતરનાક ખેલ આવું જ ચાલુ રહેશે?

### બપોરે 12 વાગ્યા પછી ચેમ્બર બહાર લાગી રહી છે લાંબી કતારો

# સુરેન્દ્રનગરમાં ન્યાયનું નવું સરનામું બન્યા SP પ્રેમસુખ ડેલુ



## વ્યાજખોર-ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહીથી જનતાનો વિશ્વાસ મજબૂત

**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં વ્યાજખોરો, ભૂમાફિયાઓ અને અસામાજિક તત્વો સામે જિલ્લા પોલીસ વડા (SP) પ્રેમસુખ ડેલુ દ્વારા શરૂ કરાયેલી કડક ઝુંબેશ બાદ હવે એક નવો જ સકારાત્મક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાંથી લોકો હવે સ્થાનિક પોલીસ મથકોને કોરાણે મૂકીને દરરોજ સીધા જિલ્લા મથક ખાતે એસ.પી. કચેરીએ રજૂઆત કરવા પહોંચી રહ્યા છે. અરજદારોના આ ભારે ઘસારાને કારણે કચેરીમાં દરરોજ જાણે લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો હોય તેવી સ્થિતિ સર્જાય છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષોથી ખનીજ માફિયા, ભૂમાફિયા, વ્યાજખોરો અને માથાભારે તત્વોના ત્રાસથી છાશવારે નાની-મોટી અને ગંભીર ગુનાહિત ઘટનાઓ બનતી રહેતી હતી, જેના કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સતત કથળતી જતી હતી. એવામાં જિલ્લા પોલીસ વડા તરીકે પ્રેમસુખ ડેલુએ ચાર્જ સંભાળ્યા બાદ તેઓએ આવા તત્વો સામે કડક કાર્યવાહી કરી તવાઈ બોલાવવાનું શરૂ કરી દીધું હતું.




પોલીસે સપાટો બોલાવીને અનેક ગરીબ અને મધ્યમવર્ગીય લોકોને વ્યાજખોરોના ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા છે, એટલું જ નહીં પરંતુ મહિલાઓના લાખો રૂપિયાના ગિરો મુકેલા દાગીના પણ પરત અપાવ્યા છે. આ પ્રશંસનીય કામગીરીના અહેવાલો સતત મીડિયામાં પ્રસિદ્ધ થતાં સામાન્ય જનતામાં પોલીસ પ્રત્યેનો વિશ્વાસ અને આદર ખૂબ જ વધી ગયા છે.

એસ.પી. ચોક્કસ ન્યાય અપાવશે તેવી અડગ આશા સાથે દરરોજ બપોરે ૧૨ વાગ્યા પછી એસ.પી. પ્રેમસુખ ડેલુની ચેમ્બર બહાર જાણે કોઈ પ્રખ્યાત ડોક્ટર પાસે દર્દીઓ આવ્યા હોય તેમ મોટી સંખ્યામાં મહિલાઓ, સીનિયર સીટીઝનો અને સ્થાનિક રહીશો રજૂઆતો લઈને લાઈનમાં ઉભેલા જોવા મળે છે.



સ્થાનિક સ્તરે ઘણી વખત કુખ્યાત તત્વો, રાજકીય નેતાઓ કે ખુદ પોલીસ સામેની રજૂઆતોને દબાવી દેવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠતી રહી છે. પરંતુ અહીં સૌથી આનંદની વાત એ છે કે, એસ.પી. કચેરીએ આવતા કોઈપણ રજૂઆતકર્તાને અન્ય અધિકારી પાસે ધકેલવાના બદલે એસ.પી. પ્રેમસુખ ડેલુ પોતે જ તેમની વેદના રૂબરૂ સાંભળે છે.

### ડર કે સંકોચ વગર રજૂઆત કરો તો જ ગુનેગારો પકડાશેઃ SP પ્રેમસુખ ડેલુ

આ અંગે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ જનતાને પ્રેરણા આપતા અને અપીલ કરતા જણાવ્યું હતું કે, "જિલ્લાભરમાંથી પોતાની સમસ્યાઓ લઈને એસ.પી. કચેરીએ આવતા તમામ લોકોને હું પોતે રૂબરૂ મળીને તેમની રજૂઆત સાંભળું છું. "અમારો અવિરત પ્રયાસ એવો રહે છે કે પીડિતોની સમસ્યાનો તાત્કાલિક અને યોગ્ય ન્યાયપૂર્ણ ઉકેલ આવે. જન્તાને મારી ખાસ અપીલ છે કે કોઈપણ ડર કે સંકોચ રાખ્યા વગર પોતાની રજૂઆત અમારા સુધી પહોંચાડે, કારણ કે લોકો નીડર બનીને સામે આવશે તો જ આવા ગુનાહિત તત્વો પોલીસના ધ્યાને આવશે અને અમે તેમની સામે વધુ કડક પગલાં ભરી શકીશું.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

Velvet Circle

# IMMERSIVE YOGA



## યશ મોરડિયા
(ઈન્ટરનેશનલ યોગા ટીચર)

19 JUNE 2025

AN IMMERSIVE WELLNESS EXPERIENCE LIKE NEVER BEFORE

SARAZA • RAJKOT

**BOOKING CONTACT**

**9913419494**

**9998998980**

## શું તમે રોજિંદા સ્ટ્રેસથી થાકી ગયા છો?

- શું તમે શાંતિ, એકાગ્રતા અને તાજગી શોધી રહ્યા છો?
- હવે અજમાવો ઈમર્સિવ યોગ જ્યાં યોગ સાથે ટેકનોલોજીનો અદ્ભુત સંગમ!



## શું ખાસ છે?

- શાંતિદાયક સંગીત અને સાઉન્ડ થેરાપી
- સુગંધિત વાતાવરણ સાથે ડીપ રિલેક્સેશન
- નિષ્ણાત માર્ગદર્શન હેઠળ યોગાસન અને ધ્યાન

## ફાયદા

- તણાવમાંથી તરત રાહત
- ધ્યાન અને એકાગ્રતા વધે
- મન-શરીરનું મજબૂત જોડાણ
- યોગમાં નવી ઊર્જા અને ઉત્સાહ
- હવે તમારા શહેરમાં ઉપલબ્ધ!
- આજે જ જોડાઓ અને અનુભવો “અસલી શાંતિ”

### મહારાષ્ટ્રમાં શિવસેનાના 9માંથી 6 સાંસદો બળવાખોર

# ઉદ્ધવ ઠાકરેની પાર્ટી તૂટી





## રાઉતે કહ્યું, એક-એક સાંસદની 15 કરોડ રૂપિયામાં ખરીદી થઈ

**સિટી ન્યૂઝ@મુંબઈ**

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT)ના ૯માંથી ૬ સાંસદોએ બળવો કર્યો છે. સૂત્રો અનુસાર, છ સાંસદોએ શિંદે જૂથની શિવસેનામાં વિલય માટે બુધવારે સવારે ૯:૩૦ વાગ્યે લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર મોકલ્યો છે.સૂત્રો અનુસાર, પત્ર મોકલનારા સાંસદોમાં નાગેશ પાટીલ આષ્ટિકર અને સંજય દીના પાટીલના નામનો સમાવેશ થાય છે. સંજય દીના પાટીલે પાર્ટી છોડવાની અટકળોને નકારી કાઢી હતી. તેમણે કહ્યું- હું ઉદ્ધવ ઠાકરેની પાર્ટીનો સાંસદ છું અને આ જ પાર્ટીમાં રહીશ.આ તરફ, શિવસેના (UBT)ના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બળવાખોર સાંસદોને ગાળો આપી. રાઉતે ગાળો આપતા કહ્યું- આ બેઈમાન લોકો છે. બેઈમાની તેમના લોહીમાં છે. બાદમાં મીડિયાને તેમણે કહ્યું- મરાઠીમાં આવા શબ્દો સામાન્ય બોલચાલનો ભાગ છે.ઉદ્ધવ અને અન્ય પાર્ટીના નેતાઓ તેમના સાંસદો સાથે સતત સંપર્ક કરવાનો અને તેમને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ તેમનો સંપર્ક થઈ રહ્યો નથી. પાર્ટીએ ગુરુવારે દિલ્હીમાં સંસદીય સમિતિની બેઠક બોલાવી છે. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, પાર્ટીએ તમામ સાંસદોને વ્હીપ જારી કરીને બેઠકમાં ફરજિયાતપણે હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે. જે સાંસદો બેઠકમાં હાજર નહીં રહે, પાર્ટી તેમની વિરુદ્ધ ગેરલાયક ઠેરવવાની કાર્યવાહી કરી શકે છે.

### કિસાનોની નારાજગી દૂર કરવા મોટો દાવ

## ગોંડલમાં ભાજપનું ખેડૂત સંમેલન

**સિટી ન્યૂઝ@ગોંડલ**

રાજકીય દાવ ખેલવામાં આવ્યો છે. ગોંડલના પ્રખ્યાત BAPS અક્ષર મંદિર ખાતે ભાજપ પ્રેરિત એક ભવ્ય 'ખેડૂત સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલન પાછળનો મુખ્ય હેતુ ખેડૂતોમાં ફેલાયેલી નારાજગીને દૂર કરવાનો અને આગામી આંદોલનની ધાર બૂઠી કરવાનો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. અક્ષર મંદિર પરિસરમાં યોજાયેલા આ સંમેલનમાં ભાજપના નેતાઓ દ્વારા સરકારની ખેડૂતલક્ષી યોજનાઓની જોરશોરથી રજૂઆત કરવામાં આવી હતી. ખાસ કરીને ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના પ્રયાસો અને પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટેના ફાયદાઓ વિશે



મોટા-મોટા દાવાઓ કરવામાં આવ્યા હતા. આ ખેડૂત સંમેલનમાં ભાજપના ટોચના નેતાઓ અને મંત્રીઓએ ખાસ હાજરી આપી હતી. જેમાં ભાજપ પ્રદેશ અગ્રણી જગદીશ વિશ્વકર્મા, રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી, વિવિધ સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને સ્થાનિક આગેવાનો વચ્ચે સંગઠનને મજબૂત કરવા અને ખેડૂતોને રિઝવવા માટે મંથન કરવામાં આવ્યું હતું.

### ખેડૂતોને પહેલા સાંભળવા જરૂરી

## ખેતરોમાં વિજ લાઈન નાખવાની સામે ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાતભરમાં ખેડૂતોની જમીનમાં તેમની રજૂઆતો સાંભળ્યા વિના જ વીજ કંપનીઓ દ્વારા બારોબાર વીજ લાઈન અને વીજ થાંભલાઓ નાંખવાની મનમાની સામે ગુજરાત હાઈકોર્ટે લાલ આંખ કરી છે. અમદાવાદ જિલ્લાના કમીયાળા (ક્રમીયાળા) ગામના ખેડૂતોના હિતમાં ચુકાદો આપતા ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ખેડૂતોની જમીનમાંથી ટ્રાન્સમીશન લાઈન પસાર કરતા પહેલાં તેમને સાંભળવા અનિવાર્ય છે.

હાઈકોર્ટે ખેડૂતોની રજૂઆત સાંભળ્યા વિના અમદાવાદ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર કરાયેલા વિવાદાસ્પદ હુકમને રદબાતલ ઠેરવ્યો છે.

અરજદાર રામદેવસિંહ વણાર તથા અન્ય ખેડૂતો દ્વારા હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, જેટકો (JETCO) કંપની દ્વારા ધોલેરા 'સર' (SIR) એરિયામાં ટ્રાન્સમીશન લાઈન નાંખવાની કામગીરી હાથ ધરાઈ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ધોલેરાના કમીયાણા ગામે ખેડૂતોની જમીનમાંથી ગેરકાયદે અને મનમાની રીતે વીજલાઈન નાંખવાની પ્રક્રિયા શરૂ કરાતાં ખેડૂતોની કિંમતી જમીન અને ઊભા પાકને ગંભીર નુકસાન થવાની દહેશત ઊભી થઈ હતી.

# વડોદરામાં ટ્રક પાછળ લક્ઝરી ઘૂસી 7નાં મોત 27ને ઈજા

**સિટી ન્યૂઝ@વડોદરા**

વડોદરા શહેરના કોટંબી સ્ટેડિયમ નજીક આજે(૧૭ જૂન) વહેલી સવારે ૪ વાગ્યા આસપાસ રોડ પર ઉભેલી એક ટ્રક પાછળ લક્ઝરી બસ ધડાકાભેર અથડાતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૭ના મોત થયા જેમાં એક નવ વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. તથા ૨૭ લોકો ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા છે.

બાલાજી ટ્રાવેલ્સની લક્ઝરી બસ રાજસ્થાનના બાસવાડાથી સુરત જતી હતી તે દરમિયાન વડોદરામાં આ અકસ્માત સર્જાયો હતો. બસમાં અનેક મુસાફરો ફસાયાની માહિતી મળતા જ બચાવ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી.

SDRF, NDRF અને વડોદરા ફાયર વિભાગની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી ઘાયલોને બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપરેશન ચલાવ્યું હતું. બાદમાં ટ્રક અને લક્ઝરી હટાવી રોડ ક્લિયર કરાયો હતો.




ઈજાગ્રસ્ત ઈજાગ્રસ્ત પ્રવાસી બંસીલાલે જણાવ્યું હતું કે તે રાજસ્થાનથી સુરત કામ અર્થે જઈ રહ્યો હતો. વહેલી સવારે તે સૂતો હતો તે દરમિયાન આ અકસ્માત થયો હતો. અકસ્માત થયો ત્યારે કરંટ લાગ્યો હોય તેવો અનુભવ થયો હતો. તેની સાથે બસમાં અન્ય બે યુવકો પણ હતા.

કમાન્ડન્ટ NDRFના ૬ બટાલિયન કમાન્ડન્ટ સુરેન્દ્રસિંઘે જણાવ્યું હતું કે આજે સવારે ૪:૪૦ વાગ્યે કંટ્રોલ રૂમમાં માહિતી મળી હતી કે કોટંબી સ્ટેડિયમ પાસે એક બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થયો છે. માહિતી મળતા જ NDRFની ટીમ ઘટનાસ્થળે જવા રવાના થઈ હતી. ત્યાં પહોંચીને જોયું તો એક પેસેન્જર બસ અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. ટીમે કટીંગ ટુલ્સ અને અન્ય અધતન સાધનોનો ઉપયોગ કરીને તુરંત જ બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી.




## ઈન્ડિગો એરલાઈન્સે
# મુંબઈ-હૈદરાબાદની ફ્લાઈટ રોજના બદલે એકાંતરા કરી


**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી હવાઈ મુસાફરી કરતા પ્રવાસીઓ માટે માઠા સમાચાર છે. વૈશ્વિક યુદ્ધની અસરોને કારણે એર ફ્યુઅલ (વિમાની ઈંધણ)મોંઘું થવા લાગ્યું છે, જેના કારણે એરલાઈન્સ કંપનીઓ મુશ્કેલીમાં મુકાઈ છે. બીજી તરફ, ઉનાળુ વેકેશન પૂરું થતાં જ હવાઈ ટ્રાફિકમાં મોટો ઘટાડો નોંધાયો છે. આ સ્થિતિને પહોંચી વળવા એરલાઈન્સ કંપનીઓએ પોતાની ડોમેસ્ટિક સેવાઓમાં કાપ મૂકી અનેક વિમાનો ગ્રાઉન્ડેડ કરી દીધા છે. જેના ભાગરૂપે ઈન્ડિગો એરલાઈન્સે રાજકોટથી ઉપડતી સવારની નવી મુંબઈ અને રાતની હૈદરાબાદની ડેઈલી ફ્લાઈટને હવે દરરોજના બદલે એકાંતરા ઉડાડવાનો નિર્ણય કર્યો છે. ગત તા.૧ જૂનથી એર ઈન્ડિયા કંપનીએ મુંબઈ અને દિલ્હીની ૧-૧ ફ્લાઈટ કેન્સલ કરી દીધી હતી. ત્યારબાદ હવે ઈન્ડિગો કંપનીએ પણ નવી મુંબઈ અને હૈદરાબાદની રોજિંદી ફ્લાઈટ ઘટાડીને એકાંતરા દિવસો પર લાવી દીધી છે. હાલ રાજકોટ એરપોર્ટ પરથી એર ઈન્ડિયાની મુંબઈ-૧ અને દિલ્હી-૧ ડેઈલી ફ્લાઈટ શરૂ છે.

## ગુજરાત સરકારનો મોટો નિર્ણય
# ‘ઈમ્પેક્ટ ફી’ મુદ્દતમાં 6 મહિનાનો વધારો
### ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવાની મુદ્દતમાં ફરી વધારો

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત રાજ્યના લાખો મિલકત ધારકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારે ગેરકાયદે અથવા અનધિકૃત બાંધકામોને કાયદેસર કરવા માટે અમલી 'ઈમ્પેક્ટ ફી' કાયદા (ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિતકરણ અધિનિયમ) હેઠળ અરજી કરવાની મુદતમાં વધુ ૬ મહિનાનો વધારો કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. હવે નાગરિકો તેમના બિનઅધિકૃત રહેણાંક અને વાણિજિયક બાંધકામોને કાયદેસર કરાવવા માટે આગામી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી કરી શકશે.



રાજ્યમાં અનેક એવા બાંધકામો છે જે કાં તો મંજૂરી વગર થયા છે અથવા મંજૂર પ્લાન કરતા વધુ બાંધકામ કરવામાં આવ્યું છે. આવા બાંધકામોને તોડી પાડવાને બદલે તેમને એક તક આપવાના ઉદ્દેશ્ય સાથે સરકાર દ્વારા આ યોજના અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો લાભ લઈને મિલકત ધારકો નિર્ધારિત 'ઈમ્પેક્ટ ફી' ભરીને પોતાના મકાન કે દુકાનને કાયદેસરનું સ્વરૂપ આપી શકે છે. કાયદેસરનું બાંધકામ થવાથી મિલકતના વેચાણ, લોન લેવા કે અન્ય કાયદાકીય પ્રક્રિયાઓમાં સરળતા રહે છે. સરકારના આ નિર્ણયથી ખાસ કરીને એવા મિલકત ધારકોને મોટી રાહત મળી છે, જેમના બાંધકામોમાં સામાન્ય ક્ષતિઓ હોવાને કારણે અગાઉની અરજીઓ નામંજૂર થઈ હતી. આ વધારાના સમયગાળા દરમિયાન, અરજદારો પોતાની અરજીમાં રહેલી ત્રુટિઓ કે વાંધાઓને નિવારણ કરીને ફરીથી અરજી કરી શકશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ રાજ્યના વધુમાં વધુ અનધિકૃત બાંધકામોને સુરક્ષિત અને માન્યતા પ્રાપ્ત બાંધકામમાં પરિવર્તિત કરવાનો છે.



તસવીરઃ અક્ષય ગોંડલિયા

## આફતના એંધાણ

# ખોવાયું છે, ચોમાસુ!

# દરિયાકાંઠે ચોમાસુ સ્થિર થયું ખેડૂતોની માઠી દશા?

**હજુ 8 દિવસ સુધી વરસાદી સિસ્ટમ બનવાના કોઈ સંકેત નથી**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વરસાદની રાહ જોઈ રહેલા દેશના ખેડૂતો માટે કોઈ સારા સમાચાર નથી.ચોમાસાને લઈને સૌથી ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. ચોમાસાને મુંબઈ પહોંચતા હજુ ૭થી ૮ દિવસનો સમય લાગશે.૮ જૂનથી પશ્ચિમના દરિયાકાંઠે ચોમાસું સ્થિર થયું છે. છેલ્લા ૬ દિવસથી ચોમાસું તેલંગાણાના ભદ્રાચલમમાં અટક્યું છે. ચોમાસામાં વિલંબનું મુખ્ય કારણ બંગાળની ખાડીમાં ડિપ્રેશનનો અભાવ જોવા મળી રહ્યો છે. આગામી સપ્તાહ સુધી વરસાદી સિસ્ટમ બનવાના કોઈ સંકેત નથી.

ચોમાસાની ધીમી ગતિને કારણે, દેશના ૭૨૩ જિલ્લામાંથી માત્ર ૧૦૩ જિલ્લામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. જ્યારે કે ૪થી ૫ દિવસમાં ચોમાસું તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહારના અને છત્તીસગઢના કેટલાક ભાગોમાં આગળ વધ તેવી શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

એક બાજુ મોડા વરસાદ આવવાની શક્યતા છે.તો બીજી બાજુ આજથી ૨ દિવસ વરસાદની શક્યતા છે. હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત, સુરત , વાપી, વલસાડ, દમણ , દાદરા નગર હવેલી અને ડાંગમાં હવામાન વિભાગે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આી છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠામાં પણ સિસ્ટમ સક્રિય થતાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.


આવતીકાલથી ઉત્તર-પશ્ચિમમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર વર્તાઈ શકે છે.પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.મેદાની વિસ્તારોમાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે. ઉત્તર-પૂર્વ ભારત અને ઉપહિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદનું એલર્ટ છે.પાકિસ્તાન-રાજસ્થાન પર નવી વરસાદી સિસ્ટમ સક્રિય હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વાદળિયા વાતાવરણથી ગરમીમાં ઘટાડો, પરંતુ ઉકળાટથી લોકો ત્રાહિમામ થયા છે.અમદાવાદ સુધી ચોમાસું પહોંચતા હજું ૫ દિવસનો સમય લાગી શકે છે.વાદળછાયા વાતાવરણ વચ્ચે અમદાવાદમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર છે.

# ફેક્ટરી અકસ્માતોમાં 121 મોત સાથે ગુજરાત દેશમાં પ્રથમ




[redacted]

- NCRB રિપોર્ટ મુજબ 2024 માં દેશમાં ફેક્ટરી અકસ્માતોમાં **660 મોત**
- ઔદ્યોગિક એકમોમાં થતી દુર્ઘટનાઓ અંગે મંત્રી-અધિકારીઓ સામે **કડક પગલાં** લેવા માંગ
- દુર્ઘટનાઓ બાદ માત્ર **2-4 લાખની સહાય** આપી ભીનું સંકેલવાનો આક્ષેપ



મનિષ દોશી
કોંગ્રેસ ચાંર્જ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ અને વાયબ્રન્ટ મોડેલના દાવાઓ વચ્ચે એક અત્યંત ચિંતાજનક અને ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. ફેક્ટરી ઈન્સ્પેક્શનના નામે ચાલતા કહેવાતા હપ્તારાજ અને ઔદ્યોગિક સલામતીના નિયમોની ઘોર અવગણનાને કારણે ફેક્ટરી અકસ્માતોમાં ૧૨૧ મોત સાથે ગુજરાત સમગ્ર દેશમાં ટોચ પર પહોંચી ગયું છે. આ ગંભીર મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ રાજ્યની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઔદ્યોગિક સલામતી માટેના નીતિ-નિયમો નેવે મૂકાતા વારંવાર નિર્દોષ શ્રમિકોના મોત થઈ રહ્યાં છે. રાજ્યમાં હાલ ૩૧૫૦૦ જેટલી ફેક્ટરીઓમાં ૧૬.૯૩ લાખ શ્રમિકો કામ કરે છે. પરંતુ સલામતી વ્યવસ્થામાં સદંતર નિષ્ફળ ગયેલી સરકારની ઢીલી નીતિના કારણે શ્રમિકોના મોતમાં ગુજરાત આખા દેશમાં પ્રથમ ક્રમાંકે આવે છે, જે રાજ્ય માટે ખૂબ જ શરમજનક બાબત છે.

રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો (NCRB) ના આકસ્મિક મૃત્યુ અને આત્મહત્યાઓ (ADSI) રિપોર્ટ ૨૦૨૪ ના આંકડા ટાંકીને કોંગ્રેસે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪ માં ભારતમાં ૭૪૨ ફેક્ટરી અને મશીન અકસ્માતો નોંધાયા હતા, જેમાં ૬૬૦ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. આનો સીધો અર્થ એ છે કે દેશમાં દરરોજ સરેરાશ ૨ શ્રમિકોના મોત થઈ રહ્યા છે. ફેક્ટરી અકસ્માતના કુલ મૃત્યુના ૬૪ ટકા કેસો માત્ર પાંચ રાજ્યોમાં જ કેન્દ્રિત છે. જેમાં ગુજરાત ૧૨૧ મૃત્યુ સાથે સતત ત્રીજા વર્ષે પણ દેશમાં સૌથી મોખરે છે. ત્યારબાદ રાજસ્થાનમાં ૯૫, મહારાષ્ટ્રમાં ૮૭, મધ્યપ્રદેશમાં ૭૦ અને છત્તીસગઢમાં ૫૨ શ્રમિકોના મોત નોંધાયા છે.

ડૉ. દોશીએ આક્ષેપ કર્યો હતો કે, જે શ્રમિકોના પરસેવાથી ગુજરાતની પેટ્રોકેમિકલ, સિરામિક, હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગ ધમધમી રહ્યા છે, ત્યાં માત્ર કાગળ પર ફેક્ટરી ઈન્સ્પેક્શનની પ્રક્રિયા થાય છે. ચૂંટણી ફંડમાં કરોડો રૂપિયાના વ્યવહારોના કારણે સરકારના આશીર્વાદથી આવી ગેરકાયદેસર અને જોખમી ફેક્ટરીઓ ધમધોકાર ચાલી રહી છે. અનેક ઔદ્યોગિક-કેમિકલ કંપનીઓમાં ફાયર અને અન્ય સેફટીની પૂરતી સુવિધાઓ જ નથી. દુર્ઘટના બને ત્યારે ફાયર અને પ્રદૂષણ નિયંત્રણ તંત્રના અધિકારીઓ માત્ર ૨ થી ૪ દિવસ દેખાવ પૂરતા પગલાં લે છે અને પછી હપ્તાઓ લઈને ઘોર નિદ્રામાં સૂઈ જાય છે. સરકાર પણ મૃતકોના પરિવારને ૨ થી ૪ લાખ રૂપિયાની આર્થિક સહાય આપીને સંતોષ માની લે છે અને ભીનું સંકેલી લે છે.

કોંગ્રેસે ઉગ્ર માંગ કરી છે કે ઔદ્યોગિક એકમોમાં વારંવાર બનતી આ ગમખ્વાર દુર્ઘટનાઓ અંગે મંત્રીથી લઈને સંબંધિત અધિકારીઓ સુધી જવાબદારી નક્કી કરીને સખત પગલાં ભરવામાં આવે. એકમોમાં નિયમિતપણે નિષ્પક્ષ ઈન્સ્પેક્શન થાય અને શ્રમિકોને સલામતી માટેના પૂરતા સાધનો પૂરા પાડવામાં આવે, જેથી નિર્દોષ શ્રમિકોએ પોતાના જીવ ગુમાવવા ન પડે.

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?




**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – **“સિટી ન્યૂઝ રાજકોટ”** સુધી!

તમારી સમસ્યાનો **ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત **અધિકારીઓ** સુધી પહોંચાડશું

ચૂંટણી હોય કે ન હોય – **“સિટી ન્યૂઝ” હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**

### આમ આદમી પાર્ટીએ ખેડૂતના મુદ્દે કરી જાહેરાત

# ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા AAP મેદાનમાં 27 જૂને સુરેન્દ્રનગરમાં મહાપંચાયતનું એલાન

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવિણ રામે વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલાં આમ આદમી પાર્ટીએ ગુજરાતના ખેડૂતો માટે ખૂબ મહત્ત્વની લડાઈઓ લડી અને આંદોલનનો પહેલો અધ્યાય સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ હવે ગુજરાતના ખેડૂતો માટે એક બીજો અધ્યાય શરૂ કરવા અમે જઈ રહ્યા છીએ અને તેના માટે એક નવા કાર્યક્રમની જાહેરાત આજે કરવા જઈ રહ્યા છીએ. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલાં તમામ ખેડૂતોના મુદ્દાઓ આમ આદમી પાર્ટીએ ખૂબ મજબૂતાઈથી લડવાનું કામ કર્યું હતું. સાથે સાથે હડદડ મુકામે જ્યારે ખેડૂતોને જરૂર પડી ત્યારે આમ આદમી પાર્ટીએ ખૂબ લાંબી લડાઈ લડી હતી. આ લડાઈ દરમિયાન ૧૦૮ દિવસ સુધી હું પોતે અને મારી સાથે ૮૦થી વધારે લોકો તથા ખેડૂતો જેલમાં રહ્યા હતા અને ગુજરાતના ખેડૂતો માટે અવાજ ઉઠાવવાનું કામ કર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે કચ્છમાં હાઈટેન્શન લાઈનના મુદ્દે પણ આમ આદમી પાર્ટીના નેતાઓએ ત્યાં જઈને ખેડૂતોના હક્ક માટે અવાજ ઉઠાવ્યો હતો. જેલમાંથી બહાર આવ્યા બાદ સોમનાથથી ખેડૂતોના મુદ્દાઓને લઈને આમ આદમી પાર્ટી દ્વારા યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી અને ગાંધીનગર ખાતે તેનું સમાપન થયું હતું. તે જ સમય દરમિયાન આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને અંદાજે દસથી વધુ કિસાન મહાપંચાયતોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત, ખેડૂતોના સમર્થનમાં આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતમાં ૧૦ હજારથી વધુ નાની ખાટલા બેઠકો યોજી હતી અને ૮૦ હજારથી વધુ ખેડૂતોના હસ્તાક્ષર ધરાવતું આવેદનપત્ર મુખ્યમંત્રીને સોંપીને ખેડૂતોના પ્રશ્નોનો ઉકેલ લાવવાની માંગ પણ કરી હતી.

આપ નેતા પ્રવિણ રામે વધુમાં જણાવ્યું હતુ કે હવે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ ખેડૂતોના આંદોલનનો બીજો અધ્યાય શરૂ કરવા જઈ રહ્યા છીએ. આ માટે હું ગુજરાતના ખેડૂતો સમક્ષ એક મહત્વપૂર્ણ કાર્યક્રમની જાહેરાત કરવા માગું છું. આવનારી ૨૭ તારીખે સુરેન્દ્રનગર ખાતે આમ આદમી પાર્ટી દ્વારા એક વિશાળ કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવશે. આ મહાપંચાયતમાં હાલના ખેડૂતોના પ્રશ્નો ઉપરાંત ભવિષ્યમાં ઊભા થનારા પ્રશ્નો પર પણ ચર્ચા કરવામાં આવશે. અતિવૃષ્ટિ, ઓછા વરસાદ, બિયારણ, ખાતર, વીજળી અને અન્ય કૃષિ સંબંધિત પ્રશ્નો તેમજ હાલમાં હાઈટેન્શન લાઈનને લઈને ખેડૂતો જે પીડા અનુભવી રહ્યા છે તેવા તમામ મુદ્દાઓને આ મહાપંચાયતમાં પ્રાથમિકતા આપવામાં આવશે. પ્રવિણ રામે જણાવ્યું કે સુરેન્દ્રનગર ખાતે યોજાનારી આ કિસાન મહાપંચાયત દ્વારા ખેડૂતો માટેના આંદોલનના બીજા અધ્યાયની શરૂઆત કરવામાં આવશે. અત્યાર સુધી આમ આદમી પાર્ટીના તમામ નેતાઓએ ગુજરાતના ખેડૂતોના પ્રશ્નો ઉઠાવવાનું કામ કર્યું છે અને આવનારા દિવસોમાં પણ આંદોલનના માધ્યમથી ખેડૂતોના પ્રશ્નોને મજબૂતાઈથી ઉઠાવવાનું કામ ચાલુ રાખશે. ખેડૂતોના હક્ક અને હિત માટેની આ નવી લડતની શરૂઆત ૨૭ તારીખે સુરેન્દ્રનગર ખાતે યોજનારી કિસાન મહાપંચાયતથી થશે.




**હાઈટેન્શન લાઈનના મુદ્દા સહિત તમામ પ્રશ્નોને લઈ યોજાશે કિસાન મહાપંચાયતઃ પ્રવિણ રામ**

**ખેડૂતોના સમર્થન માટે 10 હજારથી વધુ નાની ખાટલા બેઠકો કરી અને 80 હજાર ખેડૂતોની સહીવાળુ આવેદનપત્ર મુખ્યમંત્રીને આપ્યું હતુંઃ પ્રવિણ રામ**

## G-7માં મસ્તીભર્યા પળો વાયરલ

# વિશ્વના નેતાઓની ઓફ-ધ-રેકોર્ડ મજા ઓન રેકોર્ડ



### મેલોનીએ સિગારેટ છોડી કહ્યુ મહિનાથી નથી પીધી



### મેક્રોન ઘડિયાળ લઈ જવાનું ભૂલ્યા તો ટ્રમ્પે કહ્યું આ મને આપી દો

**સિટી ન્યૂઝ@પેરિસ**

ફ્રાન્સમાં ચાલી રહેલા G૭ શિખર સંમેલન દરમિયાન નેતાઓની અનૌપચારિક વાતચીત માઈક્રોફોનમાં રેકોર્ડ થઈ ગઈ. આ નેતાઓને સિગારેટ, ફૂટબોલ, ભેટ જેવી બાબતો પર હળવાશથી મજાક કરતા સાંભળવામાં આવ્યા.

આ બધામાંથી ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની સિગારેટ છોડી દેવાની વાતચીતની ખૂબ ચર્ચા થઈ રહી છે. બેઠક શરૂ થતા પહેલા મેલોનીએ નેતાઓ સાથેની વાતચીતમાં કહ્યું કે આજે તેમણે ૩ કપ કોફી પીધી છે.

આ સાંભળીને યુરોપિયન યુનિયનના ચીફ ઉર્સુલા વોન ડેર લેયેને આશ્ચર્યચકિત થઈને પૂછ્યું- શું આજે સવારે, ઉઠવા માટે? આના પર જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ત્ઝે મજાક કરતા કહ્યું- અને સિગારેટ કેટલી પીધી?

મેલોનીએ આનો ઈનકાર કરતા કહ્યું કે તેમણે એક મહિનાથી સિગારેટ પીધી નથી. આ સાંભળતા જ કેનેડા, બ્રિટન, જાપાન અને યુરોપિયન યુનિયનના નેતાઓએ તેમને અભિનંદન આપ્યા. મેલોનીએ ખુશીમાં બંને હાથ ઊંચા કર્યા.

આ પછી કેનેડિયન PM માર્ક કાર્નીએ મજાકિયા અંદાજમાં પોતાના હાથ તરફ ઈશારો કરીને પૂછ્યું, શું તમે નિકોટિન પેચ લગાવ્યો છે? આના પર આસપાસ હાજર લોકો હસી પડ્યા.

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે પણ ફૂટબોલ સિવાય UFC મુકાબલાનો ઉલ્લેખ કર્યો. હકીકતમાં, ટ્રમ્પના જન્મદિવસ ૧૪ જૂને વ્હાઈટ હાઉસમાં UFC મુકાબલો થયો હતો. ટ્રમ્પે તેના આયોજક ડાના વ્હાઈટની ખૂબ પ્રશંસા કરી.




સમિટમાં એક રહસ્યમય વાતચીત પણ રેકોર્ડ થઈ. ટ્રમ્પ યુરોપિયન કાઉન્સિલના ચીફ એન્ટોનિયો કોસ્ટા સાથે વાત કરી રહ્યા હતા. વાતચીત દરમિયાન ટ્રમ્પે કહ્યું, "તમે જાણતા હશો." થોડીવાર રોકાયા પછી તેમણે કોસ્ટા તરફ જોતા કહ્યું - ગ્રીનલેન્ડ. વાતચીતનો બાકીનો ભાગ સ્પષ્ટ સંભળાયો નહીં.

સંમેલન દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પોતાની ઘડિયાળ ક્યાંક ભૂલી ગયા. જ્યારે નેતાઓ બપોરના ભોજન માટે જઈ રહ્યા હતા, ત્યારે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, મેક્રોન પોતાની ઘડિયાળ અહીં છોડી ગયા છે. અમારી પાસે તેમની ઘડિયાળ છે. આના પર ટ્રમ્પે તરત જ મજાક કરતા કહ્યું, જો તેમણે છોડી દીધી છે તો મને આપી દો. તેમની વાત સાંભળીને ત્યાં હાજર લોકો હસી પડ્યા.

આ દરમિયાન મોદી અને ઈટાલિયન પીએમ જ્યોર્જિયા મેલોની વચ્ચે વાતચીત પણ થઈ. મેલોનીએ મોદીને કહ્યું- ફરી મળીને સારું લાગ્યું, આપણે ઈન્સ્ટાગ્રામ પર સૌથી ફેમસ છીએ.



### મોદીને મેલોનીએ કહ્યું આપે ઈન્સ્ટાગ્રામ પર સૌથી ફેમસ

### તપાસ વગરની બસ સેવા; કંડક્ટરોની મનમાની સામે તંત્ર નિષ્ફળ

# રાજકોટ સિટી બસમાં ટિકિટ વિના મુસાફરીના ખેલ ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરની સિટી બસ સેવા ફરી એકવાર વિવાદમાં આવી છે. આ વખતે મુદ્દો બસની વ્યવસ્થા નહીં પરંતુ કંડક્ટરોની કામગીરીને લઈને ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. શહેરમાં ચાલતી અનેક બસોમાં મુસાફરોને ટિકિટ આપવામાં આવતી નથી અને રોકડ રકમ સીધી લેવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, રાજકોટમાં લગભગ ૧૦૦ જેટલા બસ રૂટ પર સેવા ચાલે છે. જો ગમે તે રૂટ પર અને ગમે ત્યારે ચકાસણી કરવામાં આવે તો અંદાજે ૭૦થી ૮૦ ટકા કિસ્સામાં મુસાફરોને ટિકિટ આપવામાં આવતી નથી. આથી સિટી બસને આવકમાં મોટું નુકસાન થતું હોવાનો અંદાજ છે.

આક્ષેપ છે કે, જ્યારે આ મુદ્દો જાહેર થાય છે ત્યારે જવાબદાર સંસ્થા તરફથી માત્ર નામમાત્રની કાર્યવાહી કરવામાં આવે છે. એકાદ-બે કંડક્ટરને પકડીને ૨૦૦૦થી ૩૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે, પરંતુ આ સમસ્યાનો મૂળભૂત ઉકેલ જોવા મળતો નથી. પરિણામે કંડક્ટરોમાં કોઈ ભય કે જવાબદારીની ભાવના ઊભી થતી નથી.




નાગરિકોનું કહેવું છે કે જો આ જ સ્થિતિ ચાલુ રહેશે તો સિટી બસ સેવા થોડા વર્ષોમાં ખોટના ખાડામાં ધકેલાઈ જશે અને શહેરને મળેલી આ મહત્વપૂર્ણ જાહેર પરિવહન સુવિધા ખોરવાઈ શકે છે.

આ મુદ્દે એક મહત્વપૂર્ણ સૂચન પણ સામે આવ્યું છે. રાજકોટના કોર્પોરેટરોએ પોતાની ઓળખ છુપાવીને બસમાં મુસાફરી કરવી જોઈએ અને વાસ્તવિક સ્થિતિનો firsthand અનુભવ કરવો જોઈએ. ત્યારબાદ આ બાબત સંબંધિત સંસ્થા સમક્ષ દૃઢ રીતે રજૂ કરવી જોઈએ.

હાલમાં શહેરમાં સિટી બસ સેવા પ્રજાના પરિવહન માટે મહત્વપૂર્ણ સાધન છે, પરંતુ આવી ગેરરીતિઓ જો ચાલુ રહેશે તો વિશ્વસનીયતા પર પ્રશ્ન ઊભા થશે. હવે જોવાનું રહ્યું કે રાજકોટ મહાનગરપાલિકા અને સંચાલન તંત્ર આ ગંભીર મુદ્દે કડક અને અસરકારક પગલાં લે છે કે નહીં.

### ગુનામાં ઉપયોગમાં લીધેલું બાઈક જેનું છે તે બાઈક માલિકને પાઠવ્યું સમન્સ

# બાળકની હત્યા કરી માથું આજી નદીમાં ફેંકી દેનાર ઠેકેદારનો થશે નાર્કો ટેસ્ટ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ૮ વર્ષ પહેલાં માસૂમ બાળમજૂરની હત્યાના ચકચારી ગુનામાં પોલીસે હત્યારા ઠેકેદાર અજીતમૌલા અઝમતમૌલાની ધરપકડ કર્યા બાદ ૧૦ દિવસના રિમાન્ડ મેળવી હત્યાના આ ગંભીર ગુનામાં સાંયોગિક પુરાવા એકઠા કરવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

૨૦૧૮ના આ ગુનામાં ડીએનએ રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ જેલમાંથી કબજો મેળવી અદાલતમાં રજૂ કરાતા આરોપીના આગામી તારીખ ૨૩ સુધીના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. આઠ વર્ષ જૂના આ ગુનામાં મજબૂત કડીઓ મેળવવા તપાસનીશ પોલીસે કરિયાણાના વેપારી તેમજ રત્નમ હોસ્પિટલના સ્ટાફના નિવેદનો નોંધ્યા છે.



આરોપીએ બાળકની લાશના ટુકડા કરવા માટે છરો અને થેલો મચ્છી માર્કેટમાંથી ખરીદ્યા હોવાની કબૂલાત આપતા પોલીસે સંબંધિત વેપારીઓના નિવેદન પણ લીધા છે. લાશના નિકાલ માટે ઉપયોગમાં લેવાયેલું મોટરસાઈકલ આરોપીએ વતનના જે મિત્ર પાસેથી મેળવીને બાદમાં વેચી માર્યું હતું, તે પશ્ચિમ બંગાળ રહેતા મૂળ માલિકને પણ પૂછપરછ માટે સમન્સ પાઠવાયું છે.

આ ક્રૂર હત્યા કાંડના સચોટ પુરાવા એકત્ર કરવા અદાલતે આરોપીના નાર્કો ટેસ્ટની મંજૂરી આપતા પોલીસે ગાંધીનગર ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને રિપોર્ટ મોકલી પ્રક્રિયા હાથ ધરી છે.

# બાલાજી હનુમાનજી મંદિરે 20 જૂને નિઃશુલ્ક મેગા મેડિકલ કેમ્પ

**» ડિવાઈન ફિઝિયોથેરાપી અને સારથિ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આયોજન**

**» નિષ્ણાત તબીબો દ્વારા વિવિધ રોગોની મફત તપાસ અને માર્ગદર્શન અપાશે**

**» કેમ્પમાં રાહત દરે બ્લડ રિપોર્ટ, દવાઓ અને રક્તદાનની ખાસ સુવિધા**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ભુપેન્દ્ર રોડ પર આવેલા સુપ્રસિદ્ધ બાલાજી હનુમાનજી મંદિર ખાતે આગામી ૨૦ જૂન ૨૦૨૬, શનિવારના રોજ એક વિશાળ નિશુલ્ક તબીબી તપાસ અને મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ડિવાઈન ફિઝિયોથેરાપી અને સારથિ હોસ્પિટલના સહયોગથી આયોજિત આ મેગા કેમ્પ સાંજે ૬ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. જરૂરિયાતમંદ દર્દીઓને ઘરઆંગણે નિષ્ણાત તબીબોની સચોટ સારવાર અને માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા હેતુથી આ સ્વાસ્થ્યલક્ષી આયોજન કરાયું છે.




આ મેગા કેમ્પમાં શહેરના ખ્યાતનામ તબીબો દર્દીઓની ઝીણવટભરી તપાસ કરશે. જેમાં ફિઝિયોથેરાપિસ્ટ ડો. કિર્તન પટેલ અને ઓર્થોપેડિક સર્જન ડો. વિક્કી પેથાપરા દ્વારા ક્રોનિક પીઠ-ગરદનનો દુખાવો, સાંધા-સ્નાયુના રોગો, પેરાલિસિસ રિહેબિલિટેશન અને ફ્રોઝન શોલ્ડરની સારવાર કરાશે. એમ. ડી. ફિઝિશિયન ડો. મિલન ઘોણિયા ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, સ્ટ્રોક અને વિવિધ તાવની તપાસ કરશે.

ડેન્ટિસ્ટ ડો. આશિષ મકવાણા દાંત અને પેઢાના રોગો, રૂટ કેનાલ અને વાંકા-ચૂકા દાંતની સારવાર આપશે. જ્યારે એમ. ડી. ચેસ્ટ ફિઝિશિયન ડો. એસ. એસ. ડાભી શ્વાસની તકલીફ, ફેફસાના રોગો, ઊંઘમાં નસકોરાની બીમારી અને ઉધરસની સચોટ તપાસ કરી માર્ગદર્શન પૂરું પાડશે.

દર્દીઓ માટે કેમ્પમાં પગના પંજામાં છુપાયેલા જોખમોને ઓળખવા ખાસ આધુનિક ફૂટ સ્કેનિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઈ છે. આ સાથે જ રાહત દરે બ્લડ રિપોર્ટ અને મેડિકલમાં રાહત દરે દવાઓ પણ પૂરી પાડવામાં આવશે. બીમારીની તપાસની સાથે 'રક્તદાન કરો, જીવન બચાવો' ના ઉમદા મંત્ર સાથે મહા રક્તદાન કેમ્પ પણ યોજાશે.

આયોજકો દ્વારા દર્દીઓને અનુરોધ કરાયો છે કે કેમ્પમાં આવતી વખતે તેઓએ પોતાના અગાઉના તમામ મેડિકલ રિપોર્ટ્સ સાથે લઈને આવવા. કેમ્પનો લાભ લેવા અને રજીસ્ટ્રેશન માટે ૮૧૬૦૪ ૩૨૬૧૮ નંબર પર સંપર્ક કરવા જાહેર અપીલ કરવામાં આવી છે.

# પડધરીના મોટા રામપરમાં મોટર ચોરીનો આતંક, પોલીસ નિષ્ક્રિય

**નદી કાંઠેથી 65000 ની કિંમતની મોટરો અને કેબલની વારંવાર ચોરી : પોલીસ FIR ના બદલે માત્ર સાદા કાગળ પર અરજી લે છે : એસપી સુધી રજૂઆત છતાં પરિણામ શૂન્ય, ખેડૂતોને ચોકીદારી કરવાનો વારો**

**સિટી ન્યૂઝ@પડધરી**

પડધરી તાલુકાના મોટા રામપર ગામના ખેડૂતો હાલ ભારે આર્થિક અને માનસિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ગામના નદી કાંઠે વાડી ધરાવતા ખેડૂતોની પાણીની મોટરો અને મોંઘા કેબલ વાયરની અવારનવાર ચોરી થઈ રહી છે. એક તરફ ખેડૂતોને જંગી આર્થિક નુકસાન થઈ રહ્યું છે, તો બીજી તરફ સ્થાનિક પોલીસ અને તંત્રની ઘોર નિષ્ક્રિયતાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે નદી કાંઠેથી આશરે ૬૫૦૦૦ રૂપિયાની કિંમતની અનેક મોટરો ચોરાઈ ગઈ છે. જ્યારે ભોગ બનનાર ખેડૂતો ન્યાયની આશાએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવવા જાય છે, ત્યારે પોલીસ સત્તાવાર ફરિયાદ નોંધવાને બદલે માત્ર સાદા કાગળ પર અરજી લખાવીને તેમને રવાના કરી દે છે. આ ચોરીઓના સિલસિલા અંગે છેક જિલ્લા પોલીસ વડા (SP) સુધી રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં તંત્ર દ્વારા ચોરોને પકડવા માટે આજદિન સુધી કોઈ જ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.





ગ્રામજનોએ પોલીસના પેટ્રોલિંગની કામગીરી સામે પણ વેધક સવાલો ઉઠાવ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે પોલીસ માત્ર મેઈન રોડ પર જ પેટ્રોલિંગનો દેખાડો કરે છે, પરંતુ ખરેખર અવાવરું રસ્તાઓ પર કે અજાણ્યા શંકાસ્પદ લોકોની પૂછપરછ કરવાની તસ્દી લેતી નથી. વારંવાર થતી ચોરીઓથી કંટાળીને ખેડૂતો રોષપૂર્વક સવાલ કરી રહ્યા છે કે, "અમારે દિવસ-રાત ખેતરમાં મજૂરી કરવી કે પછી ચોરોનું ધ્યાન રાખવા ચોકીદારી કરવા બેસવું?"

મોટા રામપરના ખેડૂતો હાલ ચોતરફી સમસ્યાઓથી ઘેરાયેલા છે. એક તરફ ખેતરો પરથી પસાર થતી જોખમી હાઈ ટેન્શન વીજ લાઈનનો ત્રાસ છે, તો બીજી તરફ આસમાને પહોંચેલા બિયારણ અને ખાતરના ભાવોએ ખેડૂતોની કમર તોડી નાખી છે. તેમાં હવે આ મોટર ચોરીના આતંકે ખેડૂતોની રાતોની ઊંઘ હરામ કરી દીધી છે. જો ખેડૂત આવા જ પ્રશ્નોથી ઘેરાયેલો રહેશે તો તે ઊંચો ક્યારે આવશે? ગ્રામજનો અને ખેડૂતોએ તાત્કાલિક ધોરણે આ ચોરીના બનાવો અટકાવવા અને સઘન પેટ્રોલિંગ કરી કાયમી નિરાકરણ લાવવા ઉગ્ર માંગ કરી છે.

# કોર્ટમાં ગોપાલ અને સલીમ કઠેડામાં ઊભા હતા, મમ્મી મનમાં હનુમાન ચાલીસા બોલી રહી હતી




(બે વર્ષ પછી) ગોપાલ અને સલીમને જેલમાં બે વર્ષ થઈ ગયા. આ બે વર્ષમાં ઘણું બધું બદલાઈ ગયું હતું. ગોપાલને લાગી રહ્યું હતું કે, જેલમાં આવ્યા પછી જિંદગી થંભી ગઈ છે. કેસ થયો એના ત્રણ મહિના પછી ફરી વખત જામીન અરજી કરવામાં આવી હતી, પણ કોર્ટે જામીન અરજી ફગાવી દીધી. કોર્ટનું કહેવું હતું કે, ગુનો ગંભીર છે. સલીમની સલાહ હતી કે, બીજી વાર હાઈકોર્ટ જવાનો કોઈ અર્થ નથી. તેનો મત હતો કે, એક વખત ટ્રાયલ ચાલી જાય એટલે આપણે બહાર નીકળી જઈશું. આમ પણ આપણા કેસમાં કોઈ પુરાવા નથી.


આમ કરતાં કરતાં જેલમાં બે વર્ષ પસાર થઈ ગયા. કોર્ટની તારીખો પડતી ગઈ. દર મુદતે પોલીસ ગોપાલ અને સલીમને કોર્ટમાં લઈ જતી. કોર્ટમાં મમ્મી, પપ્પા અને નિશીને મળવાનું થતું. ક્યારેક નિશીના પપ્પા પણ આવતા હતા. જોકે તેઓ ક્યારેય ગોપાલ સાથે વાત કરતા નહોતા. ગોપાલ તેમની સામે જુએ તો પણ તે નજર ફેરવી લેતા.

રાકેશ મમ્મી, પપ્પા અને નિશીને મળવા તથા ખબર પૂછવા નિયમિત ઘરે જતો; પણ તે ક્યારેય ગોપાલને મળવા જેલ પર કે કોર્ટમાં આવ્યો જ નહીં. નિશી કહેતી કે, તે જ્યારે પણ આવે ત્યારે તારા સમાચાર પૂછે છે.પોલીસે ગોપાલ અને સલીમ સામે જે પુરાવા હતા તે અને સાક્ષીઓ કોર્ટ સામે રજૂ કર્યા હતા. જ્યારે ગોપાલ અને સલીમે તેમના વકીલની સલાહ પ્રમાણે, "તેમની ઉપર પોલીસ દ્વારા ખોટો કેસ કરવામાં આવ્યો છે." તેવું કોર્ટને જણાવ્યું હતું.

કોર્ટની બધી જ કાર્યવાહી પૂરી થઈ ગઈ હતી. આજે એમના કેસનો ચુકાદો આવવાનો હતો એટલે પોલીસ ગોપાલ અને સલીમને કોર્ટમાં લઈ આવી હતી. ગોપાલ અને સલીમ કોર્ટના કઠેડામાં ઊભા હતા. ગોપાલની નજર મમ્મી, પપ્પા અને નિશી તરફ હતી. મમ્મીના હોઠ ફફડી રહ્યા હતા. ગોપાલ સમજી ગયો કે, મમ્મી નક્કી હનુમાન ચાલીસા બોલતી હશે. મમ્મી જ્યારે પણ ટેન્શનમાં હોય ત્યારે હનુમાન ચાલીસા બોલતી. હજી જજ ડાયસ પર આવ્યા નહોતા. કોર્ટમાં આવનારા લોકો જે રીતે ગોપાલ અને સલીમ સામે જોતા હતા, તે નજર નિશીને ખટકી રહી હતી.જજનો પટાવાળો ચેમ્બરની બહાર આવ્યો. તેણે જાહેરાત કરી કે, "જજ આવી રહ્યા છે."

કોર્ટનો સ્ટાફ અને કોર્ટમાં બેઠેલા પોલીસવાળા સહિત બધા જ પોતાની જગ્યા પર ઊભા થઈ ગયા. જજ આવ્યા અને પોતાના ટેબલને વંદન કરીને ખુરશીમાં બેઠા. તેમણે એક નજર ફેરવીને આખી કોર્ટ જોઈ લીધી. તેમનો પીએ આવ્યો. તેણે જજ સાહેબના ટેબલ પર એક ફાઈલ મૂકી.કોર્ટમાં પોલીસ તરફથી સરકારી વકીલ અને ગોપાલ તથા સલીમ તરફથી પણ એક વકીલ હાજર હતા. જજે બંને વકીલો તરફ જોયું. સરકારી વકીલે ગોપાલ અને સલીમ તરફ ઈશારો કરતાં કહ્યું, "લોર્ડશીપ, આરોપીઓ આવી ગયા છે."જજે કઠેડામાં ઊભા રહેલા ગોપાલ અને સલીમ સામે જોયું. તેમની નજરમાં કોઈ ભાવ નહોતો. તેમણે ટેબલ પર પડેલી ફાઈલ ઉપાડી. અંદર રહેલા કાગળોમાંથી છેલ્લું પાનું ખોલ્યું. તેમણે કેસ નંબર, ગોપાલ અને સલીમનું આખું નામ મોટેથી વાંચ્યા. નામ બોલીને ફરી તેમણે ગોપાલ અને સલીમ સામે જોયું. ગોપાલનું હૃદય બુલેટ ટ્રેનની ગતિએ દોડી રહ્યું હતું. આમ તો તેને છેલ્લાં અઠવાડિયાથી ભૂખ પણ લાગતી નહોતી અને ઊંઘ પણ આવતી નહોતી. જ્યારે તેણે સાંભળ્યું કે, કોર્ટ તેના કેસનો ચુકાદો આપવાની છે, ગોપાલે ત્રાંસી આંખે સલીમ સામે જોયું. સલીમ અને ગોપાલની નજર એક થઈ. જાણે સલીમ કહી રહ્યો હતો કે, શાંતિ રાખ. સૌ સારા વાના થશે.

જજે ચુકાદો વાંચવાની શરુઆત કરી, "સરકારી વકીલ દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલા પુરાવા અને સાક્ષીઓના નિવેદનને કોર્ટે ધ્યાને લીધાં છે. બચાવ પક્ષના વકીલ દ્વારા પણ જે મુદ્દાઓ રજૂ થયા તે તમામ બાબતો કોર્ટે ધ્યાનમાં લીધી છે. તમામ બાબતો ધ્યાનમાં લેતાં કોર્ટ માને છે કે, ગોપાલ અને સલીમ કસુરવાર છે."જજે ગોપાલ અને સલીમ સામે જોયું. કસુરવાર શબ્દ સાંભળતા જ ગોપાલને લાગ્યું કે, હમણાં એનું હૃદય ફાટી જશે. સલીમે તેનો હાથ પકડ્યો. ગોપાલે મમ્મી-પપ્પા અને નિશી સામે જોયું. નિશી અને મમ્મીની આંખ તરત ભીની થઈ ગઈ. પપ્પા ગુમસુમ હતા. નિશી અને તેનાં પપ્પાના ચહેરા પર કોઈ



પ્રશાંત દયાળ

જ ભાવ નહોતો.

જજ સાહેબે ચુકાદો આગળ વાંચતાં કહ્યું, "કોર્ટ માને છે કે, આ કેસનો મુખ્ય આરોપી ગોપાલ છે. આ કામના મુખ્ય આરોપીને મદદ કરવાનું કામ, આરોપી નંબર બે સલીમ દ્વારા કરવામાં આવ્યું છે. આમ, સલીમની મદદગારી પણ કોર્ટને માલુમ પડી છે. આ કેસના બંને આરોપીનું કૃત્ય દેશવિરોધી કૃત્ય છે તેવું કોર્ટ માને છે. કારણ કે બનાવટી ચલણી નોટોને બજારમાં ફરતી કરવાને કારણે ભારતનું અર્થ તંત્ર તૂટી જાય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે."જજના એક એક શબ્દો ગોપાલના હૃદયની આરપાર નીકળી રહ્યા હતા. ગોપાલને મનમાં થયું કે, ચીસ પાડી કોર્ટને કહી દે કે, સાહેબ જલદી બોલો, કેટલી સજા કરવામાં આવી છે? પણ જજ તમામ પ્રોસિજર પૂરી કરી રહ્યા હતા.

જજ ચુકાદાની અંતિમ લાઈન વાંચવાના હતા. તે પહેલાં તેમણે ગોપાલ અને સલીમ સામે જોયું કે, તેમના પર ચુકાદાની શું અસર થઈ રહી છે? જજે છેલ્લું વાક્ય પૂરું કરતાં કહ્યું, "કોર્ટ આરોપી નંબર એક ગોપાલને દસ વર્ષની સખત કેદ અને આરોપી નંબર બે સલીમને પણ દસ વર્ષની સખત કેદની સજાનો હુકમ કરે છે."સજાનો હુકમ થતાં ગોપાલના પપ્પા ઊભા થઈને કોર્ટની બહાર જતા રહ્યા. ગોપાલ પણ પોતાના આંસુ રોકી શક્યો નહીં. તે માની રહ્યો હતો કે, તે છૂટી જશે, પણ હવે જિંદગીના બાકીના આઠ વર્ષ પણ તેને જેલની ઊંચી દિવાલો પાછળ જ કાઢવાના હતા. કોર્ટે ચુકાદા પછી ગોપાલ અને સલીમને પૂછ્યું, "તમારે કંઈ કહેવું છે?"

ગોપાલનું મન કહી રહ્યું હતું કે, હવે કહેવા જેવું શું છે? તેની આંખમાં આંસુ સિવાય કંઈ જ નહોતું. સલીમે હાથ જોડીને કહ્યું, "ના સાહેબ."પોલીસ તેમની પાસે આવી તેમને કઠેડામાંથી બહાર લાવી. કોર્ટરૂમની બહાર ઊભા રાખી હાથકડી પહેરાવી અને કોર્ટની બહાર લઈ ગઈ.મમ્મી અને નિશી પણ બહાર આવ્યાં. પોલીસે આવી ઘટનાઓ અનેક વખત જોઈ હતી. તેઓ ખાખીમાં હતા, પણ તેમને માણસમાં ચાલતી ગડમથલની ખબર સારી પેઠે પડતી હતી. એક પોલીસવાળાએ નિશી અને મમ્મીને કહ્યું, "તમારે મળવું હોય તો મળી લો."

મમ્મી અને નિશી ગોપાલ પાસે આવ્યાં અને ગોપાલને વળગી પડ્યાં. ત્રણેની આંખમાં આંસુ હતાં અને શબ્દો સુકાઈ ગયા હતા. એક પોલીસવાળો સલીમને સાથે લઈ થોડેક દૂર જઈને ઊભો રહ્યો. તેણે ઊંધા ફરી આંખના ખૂણા સાફ કર્યા. તે એટલે નહોતો રડયો કે, તેને સજા થઈ હતી. તેની આંખમાં આંસુ એટલા માટે આવ્યા હતા કે, તેના માટે રડનારું કોઈ નહોતું. થોડીવારમાં પોલીસ તેમન પ્રિઝનરવાનમાં બેસાડી પાલનપુર જેલ પર જવા રવાના થઈ. પણ ગોપાલને પપ્પા ક્યાંય નજરે પડ્યા નહીં. (ક્રમશઃ)

# કોઠી ગામે પરિણીતાની હત્યા કરનાર પ્રેમીની ધરપકડ કરાઈ

## મધરાત્રે મળવા આવેલી પ્રેમીકાએ ફરી ઘરે જવાની ના પાડતા પ્રેમી એવા કૌટુંબિક જેઠે જ ડૂમો દઈ હત્યા કર્યાનો ધડાકોઃ પુરાવાનો નાશ કરવા માટે આરોપીએ પરિણીતાનો ફોન પણ તોડી નાખ્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના કોઠી ગામે સોમવારે સવારે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવેલી મહિલાની લાશના બનાવમાં તેના પરીવારે હત્યાનો આક્ષેપ કર્યો હતો. બનાવમાં પોલીસે તપાસ કરતા મોડી રાત્રીના મળવા નિકળેલી પરિણીતાની હત્યા કરી પ્રેમીએ ઝાડ સાથે લાશ લટકાવી દિધાનુ બહાર આવતા પોલીસે ગણતરીની કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી આરોપી કુટુંબીક જેઠની ધરપકડ કરી છે.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ તા. ૧૫ જૂનની સવારે કોઠી ગામે રામાપીર મંદિર સામે આવેલી વાડીમાં કેળાના ઝાડ પર એક મહિલાની લાશ લટકતી હાલતમાં મળી આવેલી લાશ અંગે જસદણ પોલીસે તપાસ કરતા મૃતક કોઠી ગામે





રહેતા કાજલબેન યોગેશભાઈ સાપરા હોવાનુ તેના પરીવારે જણાવતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પીટલમાં ખસેડી તપાસ હાથ ધરી હતી પોલીસની પુછતાછમાં મૃતક કાજલબેનના પરીવારે હત્યાનો આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે રાત્રીના પરીવાર સાથે સુતી હતી અને ત્યાથી અચાનક ગાયબ થઈ ગયા બાદ લાશ મળી આવી હોવાનુ જણાવતા એલસીબી પીઆઈ રાવ સહીતની ટીમે મૃતકના મોબાઈલ ફોનની કોલ ડિટેલ્સ, લોકેશન અને અન્ય ટેક્નિકલ પુરાવાઓની તપાસ કરી મૃતક મહિલાના કુટુંબીક જેઠ અશોક રણછોડ સાપરાને ઉઠાવી લઈ આકરી પુછતાછ કરતા તેને કેટલાક સમયથી કાજલ સાથે પ્રેમસંબંધ હોય અવાર નવાર ફોનમાં વાત ચીત કરતા હતા. દરમ્યાન તા.૧૫ના રોજ રાત્રીના મળવા બોલાવી હતી જેથી મોડી રાત્રીના કાજલ તેને મળવા આવી હતી ત્યાર બાદ ઘરે પરત ફરતાં પરિવારજનો જાગી ગયા હોવાનું જોઈ તે ગભરાઈ ગઈ હતી ફરી તેની પાસે પહોંચી હતી અને પોતાની સાથે લઈ જવાની માંગણી કરી હતી.આ બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં મોટા અવાજે વાત કરતી કાજલના મોઢામાં કપડા વડે દુમો આપી દિધો હતો ત્યાર બાદ કપડાથી ગળેટૂંપો આપી મહિલાની હત્યા કરી દેવામાં આવી હતી. ત્યાર બાદ લાશને નજીકના કેળાના ઝાડ પર લટકાવી નાસી ગયો હોવાનુ રટણ કરતા પોલીસે તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.જશદણના કોઠી ગામે રહેતા કાજલબેન સાપરાની હત્યાના બનાવમાં પોલીસે તપાસ કરતા આરોપી અશોકએ તેની હત્યા કરી હત્યાને આત્મહત્યામાં ખપાવવા માટે લાશને ઝાડમાં લટકાવી દિધી હતી. ત્યાર બાદ પોલીસ પકડકથી બચવા માટે અને પુરાવાનો નાસ કરવા મહિલાનો મોબાઈલ પણ તોડી નાખ્યો હોય પોલીસે તુટેલો મોબાઈલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નવોઢાને તું બિમારીનો ઢોંગ કરે છે કહી પતિ મારકુટ કરતો

## પતિ, સાસુ, સસરા, કાકાજી સસરા-સાસુ સામે ફરિયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટની સુખસાગર સોસાયટીમાં રહેતા ટ્વીંકલબેન વિજયભાઈ રાબડીયા નામની પરીણીતાએ પતિ વિજય,સસરા પ્રહલાદ જેરામભાઈ રાબડીયા, સાસુ રમાબેન,કાકાજી સસરા હેમંત કાકાજી સાસુ લતાબેન સામે ફરીયાદ કરી હતી ફરીયાદમાં જણાવ્યુ હતુ કે થોડા સમય પહેલાં ડેન્ગ્યુનો તાવ આવ્યો હતો, તે સમયે સાસરિયાઓએ "આ ઢોંગ કરે છે" તેમ કહી ખાવા-પીવાનું આપ્યું નહોતું અને ઘરનું તમામ કામ કરાવ્યું હતું. બીમારી સબબ પરિણીતાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી ત્યારે ડૉક્ટરે પણ જણાવ્યું હતું કે, કુટુંબના સભ્યોના માનસિક ત્રાસના કારણે જ પરિણીતાને માથામાં અવારનવાર દુખાવો થાય છે. તેમ છતાં સાસરિયાંના વર્તનમાં કોઈ સુધારો આવ્યો નહોતો અને તેઓ સતત પિયર ચાલ્યા જવાનું કહીને મેણાંટોણાં મારતા હતા. રસ્તામાં આંતરીને જાનથી મારી નાખવાની ધમકી આપી પીડિતા જ્યારે તેના પિયર ગઈ ત્યારે પણ પતિએ ત્યાં આવીને ઝઘડો કર્યો હતો અને ભાડાના પૈસા પણ આપ્યા નહોતા. ત્યારબાદ, કાકાજી સસરાએ રસ્તામાં ગાડી પેટ્રોલ પંપ પાસે ઊભી રાખી પરિણીતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી કંટાળીને ઝેરી દવા પીધી હોવાનુ જણાવતા મહિલા પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી છે.

# રાજકોટમાં બે મકાનમાંથી 2.85 લાખની ચોરી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના યુનિવર્સિટી રોડ પર આવેલી સરકારી ક્વાર્ટર વસાહતમાં તસ્કરોએ બંધ મકાનોને નિશાન બનાવી સરકારી કર્મચારી યોગેશભાઈ બાબુરાવ કંધારકર પોતાના પરિવાર સાથે વતન મહારાષ્ટ્ર ગયા હતા તે દરમિયાન તસ્કરોએ તેમના ક્વાર્ટરના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશી લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા ફરિયાદીને જાણ થતા જ તેઓ વતનથી પરત આવ્યા ત્યારે ઘરે આવીને જોતા ઘરમાંથી ૨૦ ગ્રામ સોનાના દાગીના અને ૨૫ ગ્રામ ચાંદીના પાયલની ચોરી થઈ હતી. આ ઉપરાંત, બાજુના ક્વાર્ટરમાં રહેતા અભીલેન્દ્રસિંહ જયસિંહના બંધ મકાનમાંથી પણ તસ્કરોએ ૩ ગ્રામ સોનાની રીંગ, ચાંદીના પાયલ અને ૨૫૦૦૦ રોકડાની ચોરી કરી હતી. યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મનપાની નવી ટીમ સાથે ભૂદેવ સેવા સમિતિ હોદેદારોની શુભેચ્છા મુલાકાત

## નવનિયુક્ત પદાધિકારીઓને શુભેચ્છા અને આશીર્વાદ પાઠવાયા : ભગવાન પરશુરામનું શસ્ત્ર અને સ્મૃતિચિહ્ન અર્પણ કરાયું : રાજકોટના સર્વાંગી વિકાસ માટે આશા વ્યક્ત કરાઈ

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ મહાનગરપાલિકાની નવી પદાધિકારી ટીમની વરણી બાદ ભૂદેવ સેવા સમિતિ દ્વારા મેયર ડો. નેહલ શુક્લ સહિત તમામ નવનિયુક્ત પદાધિકારીઓની શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી. આ પ્રસંગે શહેરના વિકાસ, સુશાસન અને જનકલ્યાણના કાર્યોને વધુ વેગ મળે તેવી શુભેચ્છાઓ સાથે પદાધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન મેયર ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા, શાસક પક્ષના નેતા ડો. હિરેનભાઈ ખીમાણીયા તેમજ દંડક સંજયસિંહ રાણાને ભગવાન પરશુરામનું પવિત્ર શસ્ત્ર "ફરસી" અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે જ ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે આગામી ૨.૫ વર્ષના કાર્યકાળ દરમિયાન રાજકોટ શહેર વિકાસની નવી ઊંચાઈઓ સર કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

ભૂદેવ સેવા સમિતિના સ્થાપક અને બ્રહ્મ યુવા આગેવાન તેજસ ત્રિવેદીએ જણાવ્યું હતું કે નવી ટીમ પાસે રાજકોટના આયોજિત વિકાસ, નાગરિક સુવિધાઓના વિસ્તરણ અને જનકલ્યાણના પ્રશ્નોના અસરકારક નિરાકરણ માટે મોટી અપેક્ષાઓ છે. શહેરને વધુ આધુનિક, સુવ્યવસ્થિત અને સુવિધાસભર બનાવવાના પ્રયાસોમાં નવી ટીમ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

સંસ્થાના ઉપપ્રમુખ દિલીપભાઈ જાનીએ જણાવ્યું હતું કે નવનિયુક્ત પદાધિકારીઓના સક્ષમ નેતૃત્વ હેઠળ રાજકોટ શહેર વિકાસના નવા આયામો સર કરશે અને પ્રજાલક્ષી યોજનાઓ તથા સેવાઓને વધુ ગતિ મળશે. તેમણે શહેરના સર્વાંગી વિકાસ માટે સંસ્થાની તરફથી સતત સહયોગ આપવાની પણ ખાતરી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને સમાજસેવાના મૂલ્યોને ઉજાગર કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર જીવનમાં જવાબદારી, પારદર્શિતા અને લોકસેવાની ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે આ પ્રકારના સન્માન કાર્યક્રમો પ્રેરણારૂપ બની રહે છે તેવી લાગણી પણ વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં દિલીપભાઈ જાની, વિકીભાઈ ઠાકર, હર્ષભાઈ ત્રિવેદી, મનોજભાઈ ત્રિવેદી, વિશાલભાઈ ઉપાધ્યાય, જીતેનભાઈ શુક્લ, મયુરભાઈ ઠાકર, જાનીભાઈ, મનનભાઈ ત્રિવેદી, ધ્રુવભાઈ ભટ્ટ, માનવભાઈ વ્યાસ, મિલનભાઈ સહિત મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ નવનિયુક્ત પદાધિકારીઓને શુભેચ્છા પાઠવી રાજકોટના સર્વાંગી વિકાસ અને જનહિતના કાર્યોમાં સહભાગી બનવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## 5 દિવસીય અનુભવલક્ષી શિક્ષણ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ

# માય યુવા ભારતના તાલીમાર્થીઓને કલેક્ટરના હસ્તે પ્રમાણપત્રોનું વિતરણ

સિટી ન્યૂઝ@રાજકોટ



યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર હેઠળ કાર્યરત માય યુવા ભારત (MY Bharat) રાજકોટ દ્વારા યુવાનો માટે આયોજિત ૫ દિવસીય અનુભવલક્ષી શિક્ષણ (Experiential Learning) કાર્યક્રમનો સમાપન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમ અંતર્ગત તાલીમ પૂર્ણ કરનારા તમામ તાલીમાર્થીઓને જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લાના અધિકારી સ્વરૂપ દેશ ભરથાર તથા માય ભારતના રાજુભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ વિશેષ તાલીમ કાર્યક્રમમાં યુવાનોને વિવિધ વહીવટી અને સામાજિક વ્યવસ્થાઓ અંગે પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. સમાપન સમારોહમાં ભાજપના મીડિયા અગ્રણી અરૂણભાઈ નિર્મળ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને દેશની મહત્વપૂર્ણ જાહેર વિતરણ પ્રણાલી (PDS)ની કાર્યપદ્ધતિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. અનાજના સંગ્રહથી લઈને લાભાર્થીઓ સુધી પહોંચતી સમગ્ર પ્રક્રિયાને સમજવા માટે વિવિધ ફિલ્ડ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ ગોડાઉન, વિતરણ વ્યવસ્થા અને ટેકનોલોજી આધારિત પારદર્શક પ્રક્રિયાનો પ્રત્યક્ષ અભ્યાસ કર્યો હતો. સમાપન પ્રસંગે કલેક્ટર ઓમ પ્રકાશે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી તેમના અનુભવો જાણ્યા હતા. તેમણે યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભાગીદાર બનવા અને જવાબદાર નાગરિક તરીકે પોતાની ભૂમિકા નિભાવવાની પ્રેરણા આપી હતી. સાથે જ ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તાલીમાર્થીઓએ પોતાના અનુભવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ દ્વારા તેમને પુસ્તકીય જ્ઞાનની સાથે સરકારી યોજનાઓ અને વહીવટી પ્રક્રિયાઓનું વ્યવહારિક જ્ઞાન પ્રાપ્ત થયું છે. જાહેર વિતરણ પ્રણાલીની ડિજિટલ અને લોજિસ્ટિક્સ વ્યવસ્થાને નજીકથી સમજવાની તક મળતા સરકારની કાર્યપદ્ધતિ પ્રત્યે તેમની સમજ વધુ મજબૂત બની છે. આયોજકોના જણાવ્યા મુજબ આવા કાર્યક્રમો યુવાનોમાં પારદર્શિતા, જવાબદારી અને રાષ્ટ્રીય વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. યુવા પેઢીને સજાગ, કુશળ અને જવાબદાર નાગરિક તરીકે ઘડવા માટે અનુભવલક્ષી શિક્ષણના આવા પ્રયાસો ભવિષ્યમાં પણ ચાલુ રાખવામાં આવશે.

## વિજ્ઞાન ક્ષેત્રે રાજકોટ વૈશ્વિક નકશા પર ચમકશે

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રસાયણ-23 આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

### નોબેલ વિજેતા સહિત વૈજ્ઞાનિકોનો ભવ્ય મેળાવડો જામશે : વિજ્ઞાન, સંશોધન અને સમાજ મુદ્દે મહામંથન થશે : 2 જુલાઈ સુધી ઓનલાઇન નોંધણી કરી શકાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર ભવન અને ચિરંતન રસાયણ સંસ્થા (CRS)ના સંયુક્ત ઉપક્રમે આગામી ૮ થી ૧૦ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન રસાયણ-૨૩ (Rasayan-૨૩) નામનો ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાવાનો છે. “સાયન્સ બિયોન્ડ બાઉન્ડ્રીઃ ઈન્વેન્શન, ડિસ્કવરી, ઈનોવેશન એન્ડ સોસાયટી” થીમ આધારિત આ વૈશ્વિક સંમેલનમાં દેશ-વિદેશના અગ્રણી વૈજ્ઞાનિકો, સંશોધકો, શિક્ષણવિદો અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ ભાગ લેશે.

હાઈબ્રિડ ફોર્મેટમાં યોજાનાર આ પરિસંવાદમાં એડવાન્સ્ડ ફંક્શનલ મટિરિયલ્સ, સિન્થેટિક ઓર્ગેનિક કેમિસ્ટ્રી, નેનોટેકનોલોજી, બાયોટેકનોલોજી, બાયોકેમિસ્ટ્રી, એગ્રીકલ્ચરલ સાયન્સ, પોલિમર કેમિસ્ટ્રી, ગ્રીન કેમિસ્ટ્રી અને




કમ્પ્યુટેશનલ કેમિસ્ટ્રી જેવા અદ્યતન વિષયો પર ચર્ચા-વિચારણા થશે. ઉપરાંત વૈજ્ઞાનિક શોધોને સમાજ અને ઉદ્યોગ સાથે કેવી રીતે સાંકળી શકાય તે મુદ્દે પણ વિશેષ મંથન કરવામાં આવશે.

પરિસંવાદ દરમિયાન સંશોધન પત્રોનું પ્રસ્તુતિકરણ, પોસ્ટર પ્રેઝન્ટેશન, આમંત્રિત વ્યાખ્યાનો તેમજ યુવા સંશોધકો માટે વિશેષ ઈન્ટરેક્ટિવ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજકોના જણાવ્યા મુજબ આ કાર્યક્રમ વૈશ્વિક જ્ઞાનના આદાન-પ્રદાન અને નવા સંશોધન સહયોગ માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બનશે.

આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું મુખ્ય આકર્ષણ વર્ષ ૨૦૦૯ના નોબેલ પુરસ્કાર વિજેતા પ્રો. વેન્કટરામન રામકૃષ્ણનનું વિશેષ વ્યાખ્યાન રહેશે. ઉપરાંત પરમાણુ વૈજ્ઞાનિક અનિલ કાકોડકર, સ્વામિનાથન શિવરામ, દિવાન સિંહ રાવત, ભાલચંદ્ર મહાદિઓ ભાનગે, પ્રમોદ એસ. પાટીલ સહિત દેશના અગ્રણી વૈજ્ઞાનિકો અને શિક્ષણવિદો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં IISc બેંગલુરુ, IIT, BARC, CSIR તેમજ યુકે અને જર્મનીની અગ્રણી સંસ્થાઓના નિષ્ણાતો પણ ભાગ લેશે. કુલ ૪૦થી વધુ જાણીતા વૈજ્ઞાનિકો અને શિક્ષણવિદો વિવિધ વિષયો પર માર્ગદર્શન અને વ્યાખ્યાન આપશે.

આ પરિસંવાદના પેટ્રોન તરીકે વાઈસ ચાન્સેલર ઉત્પલ એસ. જોશી, પ્રો. બ્રજ ગોપાલ બાગ અને પ્રો. સી. વી. ચેલામગડ માર્ગદર્શન આપી રહ્યા છે. જ્યારે કન્વીનર તરીકે ઉમેદ સી. ભોયા, કો-કન્વીનર તરીકે યોગેશ ટી. નલિયાપરા અને મનીષ કે. શાહ તેમજ ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી તરીકે રંજન સી. ખુંટ જવાબદારી સંભાળી રહ્યા છે.

વિદ્યાર્થીઓ, રિસર્ચ સ્કોલર્સ અને ઉદ્યોગ ક્ષેત્રના પ્રતિનિધિઓ માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ઓનલાઇન નોંધણીની છેલ્લી તારીખ ૨ જુલાઈ, ૨૦૨૬ જ્યારે એબ્સ્ટ્રેક્ટ સબમિશનની છેલ્લી તારીખ ૩ જુલાઈ, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે.

આયોજકોના જણાવ્યા મુજબ રસાયણ-૨૩ માત્ર વૈજ્ઞાનિક પરિષદ નહીં પરંતુ ભવિષ્યના સંશોધન, નવી શોધો અને વૈશ્વિક સહયોગ માટેનું મહત્વપૂર્ણ મંચ સાબિત થશે. આ મહાસંમેલન રાજકોટ અને સમગ્ર ગુજરાતને આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક નકશા પર વધુ મજબૂત ઓળખ અપાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# જનકભાઈ કોટકના નિધનથી ભાજપ અને સમાજને મોટી ખોટ : ચેતન રામાણી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપના અગ્રણી અને ખેડૂત નેતા ચેતનભાઈ રામાણીએ પૂર્વ મેયર તથા ભાજપના વરિષ્ઠ નેતા જનકભાઈ કોટકના નિધન પર ઊંડો શોક વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે જનકભાઈ ખરા અર્થમાં જન-જનના રાજા હતા. તેમના નિધનથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ભારતીય જનતા પાર્ટી, રઘુવંશી સમાજ અને સમગ્ર રાજકોટને મોટી ખોટ પડી છે.



ચેતનભાઈ રામાણીએ જણાવ્યું કે જનકભાઈ કોટકે રાજકોટના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને શાસક પક્ષના નેતા સહિતના મહત્વના પદો પર રહી લોકહિતના અનેક કાર્યો કર્યા હતા. તેઓ સાત વખત કોર્પોરિટર તરીકે ચૂંટાયા હતા અને પક્ષ સંગઠનને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું કે જનકભાઈ કોટક માત્ર રાજકારણી જ નહીં પરંતુ સમાજસેવક તરીકે પણ ઓળખાતા હતા. ગરીબ દર્દીઓની મદદ, દવાઓ અને રક્તની વ્યવસ્થા તેમજ બિનવારસી મૃતદેહોના અંતિમ સંસ્કાર જેવા સેવાકીય કાર્યોમાં તેઓ હંમેશા અગ્રેસર રહ્યા હતા. તેમના નિધનથી જાહેરજીવનમાં એક અનુભવી, સંવેદનશીલ અને લોકપ્રિય નેતાની ખોટ સર્જાઈ છે.

# જનકભાઈ કોટકના નિધન પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શોક વ્યક્ત કર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના પૂર્વ મેયર, ભાજપના વરિષ્ઠ આગેવાન અને સામાજિક કાર્યકર સ્વ. જનકભાઈ કોટકના નિધન પર કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે શોકસંદેશ પાઠવી કોટક પરિવાર પ્રત્યે હાર્દિક સંવેદના વ્યક્ત કરી હતી.



અમિતભાઈ શાહે જણાવ્યું કે જનકભાઈ કોટકના અવસાનના સમાચાર અત્યંત દુખદ અને વ્યથિત કરનારા છે. જીવનમાં આવેલી આ ખોટની ભરપાઈ શક્ય નથી. તેમણે ભગવદ્ ગીતાનો ઉલ્લેખ કરતાં જન્મ અને મૃત્યુને સનાતન સત્ય ગણાવી શોકગ્રસ્ત પરિવારને ધૈર્ય અને શક્તિ મળે તેવી પ્રાર્થના કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રીએ દિવંગત આત્માને ઈશ્વરના ચરણોમાં સ્થાન મળે તેમજ પરિવારને આ દુખ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના વ્યક્ત કરી હતી. તેમણે જનકભાઈ કોટકના જાહેર જીવન અને સમાજસેવાના યોગદાનને યાદ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા પેન્શન અદાલતનું સફળ આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા પેન્શનરો અને પારિવારિક પેન્શનરોની સમસ્યાઓના ઝડપી અને અસરકારક નિવારણ માટે ૧૫.૦૬.૨૦૨૬ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. અદાલત દરમિયાન રજૂ થયેલા તમામ ૨૨ કેસોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવતા પેન્શનરોને નોંધપાત્ર રાહત મળી હતી.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે પેન્શન અદાલતના આયોજન પહેલાં પેન્શનરો અને પારિવારિક પેન્શનરો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. પ્રાપ્ત અરજીઓનું પૂર્વ પરીક્ષણ અને જરૂરી કાર્યવાહી કર્યા બાદ કુલ ૨૨ કેસોને સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા. પેન્શન અદાલત દરમિયાન આ તમામ કેસોનું સંતોષકારક અને પારદર્શક રીતે નિરાકરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ ઉપસ્થિત વરિષ્ઠ પેન્શનરોનું સન્માન કર્યું હતું. તેમણે પેન્શનરો અને પેન્શનર એસોસિએશનના પ્રતિનિધિઓનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે રાજકોટ રેલવે ડિવિઝન પોતાના પેન્શનરોના કલ્યાણ અને તેમની સમસ્યાઓના નિરાકરણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.



તેમણે વધુમાં જણાવ્યું હતું કે પેન્શનરોની રજૂઆતો અને પ્રશ્નો પર માત્ર પેન્શન અદાલત દરમિયાન જ નહીં પરંતુ સામાન્ય કામકાજના દિવસોમાં પણ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવશે. કાર્મિક અને એકાઉન્ટ્સ વિભાગ દ્વારા પેન્શનરોને સતત માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી.આ પેન્શન અદાલતમાં કુલ ૨૪ વરિષ્ઠ નાગરિકો અને તેમના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ઉપસ્થિત પેન્શનરોએ રેલવે પ્રશાસનની આ પહેલને આવકારી હતી અને સમસ્યાઓના ઝડપી નિવારણ બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર બ્રિજેશ કુમાર સિંહ, સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર અમૃત સોલંકી, સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર પવન કુમાર મીના સહિત કાર્મિક અને એકાઉન્ટ્સ વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાયેલી પેન્શન અદાલતનું સફળતાપૂર્વક સમાપન થયું હતું.



# રાજકોટ રેલવે કર્મચારીએ 44 હજારનો ખોવાયેલો મોબાઈલ પરત કર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ રેલવે આરક્ષણ કચેરીમાં કાર્યરત કમર્શિયલ-કમ-ટિકિટ ક્લાર્ક ચંદન ત્રિપાઠીએ પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં મુસાફરનો અંદાજે ૪૪ હજાર કિંમતનો સ્માર્ટફોન સુરક્ષિત પરત કર્યો છે. ૧૬ જૂનના રોજ આરક્ષણ કચેરી બંધ કરતી વખતે તેમને બારી નંબર-૨ પર એક મોબાઈલ ફોન મળ્યો હતો. મોબાઈલ લોક હોવાથી માલિકની ઓળખ શક્ય ન બનતાં તેમણે ફોન સુરક્ષિત રાખી ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી. બાદમાં ફોન પર આવેલા કોલના આધારે મુસાફરનો સંપર્ક કરી જરૂરી ઓળખ ચકાસણી બાદ બીજા દિવસે વિવો V70 FE સ્માર્ટફોન તેના અસલી માલિકને પરત સોંપવામાં આવ્યો હતો. મુસાફરે મોબાઈલ પરત મળતાં રેલવે પ્રશાસન અને ચંદન ત્રિપાઠીનો આભાર વ્યક્ત કર્યો હતો. ડીઆરએમ ગિરિરાજ કુમાર મીના અને સિનિયર ડીસીએમ સુનીલ કુમાર મીનાએ પણ તેમની પ્રામાણિકતા, સતર્કતા અને જનસેવાની ભાવનાની પ્રશંસા કરી હતી.

# દ્વારકા-ભીમરાણા રેલવે બ્લોક કામગીરીથી સંચાલન પર અસર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળ દ્વારકા અને ભીમરાણા સ્ટેશનો વચ્ચે વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે પુલિયા નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવનાર હોવાથી કેટલીક ટ્રેનોના સંચાલન પર અસર પડશે. આ કામગીરી દરમિયાન આર.સી.સી. બોક્સ સ્થાપિત કરવા માટે રેલવે દ્વારા જરૂરી બ્લોક લેવામાં આવશે.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે આધારભૂત સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના કારણે કેટલીક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ, શોર્ટ ઓરિજિનેટ તેમજ વિલંબિત સંચાલન હેઠળ દોડાવવામાં આવશે. મળતી માહિતી મુજબ ટ્રેન નંબર ૧૯૨૦૯ ભાવનગર ટર્મિનસઓખા એક્સપ્રેસ ૧૭.૦૬.૨૦૨૬ના રોજ ભાવનગર ટર્મિનસથી રવાના થયા બાદ દ્વારકા સ્ટેશન સુધી જ દોડશે. આ ટ્રેન દ્વારકા અને ઓખા સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

## » પુલિયા નિર્માણ માટે 2 ટ્રેનો આંશિક રદ, 1 મોડેથી દોડશે

તે જ રીતે ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખાભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ ૧૮.૦૬.૨૦૨૬ના રોજ ઓખાના બદલે દ્વારકા સ્ટેશનથી શરૂ કરવામાં આવશે. પરિણામે આ ટ્રેન ઓખા અને દ્વારકા સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

આ ઉપરાંત ટ્રેન નંબર ૧૯૨૫૨ ઓખાવેરાવળ એક્સપ્રેસ ૧૮.૦૬.૨૦૨૬ના રોજ ઓખા સ્ટેશનથી તેના નિર્ધારિત સમય કરતાં ૧૫ મિનિટ મોડેથી રવાના થશે.

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોને મુસાફરી પહેલાં ટ્રેનોના સમયપત્રક અને સંચાલન સંબંધિત નવીનતમ માહિતી મેળવવા સૂચના આપવામાં આવી છે. મુસાફરો રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in અથવા NTES મારફતે ટ્રેનની સ્થિતિ ચકાસી શકે છે.

રેલવે તંત્રએ મુસાફરોને અગવડતા ન પડે તે માટે અગાઉથી જરૂરી માહિતી મેળવી આયોજનબદ્ધ રીતે મુસાફરી કરવા અપીલ કરી છે.

# ઓબ્ઝર્વેશન હોમમાંથી ભાગેલા 11માંથી 8મો બાળક નવલખીથી ઝડપાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ગોંડલ રોડ સ્થિત બાળ સંરક્ષણ ગૃહમાંથી ફરાર થયેલા ૧૧ બાળ આરોપીઓમાંથી વધુ એક બાળકને પોલીસે નવલખી નજીકથી ઝડપી લીધો છે. આ સાથે અત્યાર સુધી ૮ બાળ આરોપીઓ પોલીસના હાથે ઝડપાઈ ચૂક્યા છે, જ્યારે બાકીના ૩ની શોધખોળ ચાલુ છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે અન્ય બાળકોને લોખંડની ઝાળી તોડી ભાગતા જોઈ આ બાળક પણ ફરાર થયો હતો. પૈસા ન હોવાથી તે ભક્તિનગર રેલવે સ્ટેશનથી ટ્રેક પર જ પગપાળા ચાલીને આશરે ૩૦ કિલોમીટર દૂર પહોંચ્યો હતો. ત્યારબાદ એક રિક્ષાચાલકની મદદથી મોરબી પહોંચ્યો અને ત્યાંથી ડેમુ ટ્રેનમાં બેસીને નવલખી ગયો હતો. માહિતી મળતા પોલીસે નવલખીથી તેને ઝડપી લઈને ફરી ઓબ્ઝર્વેશન હોમમાં મોકલી આપ્યો છે.

આ બનાવ બાદ બાળ સંરક્ષણ ગૃહની સુરક્ષા વ્યવસ્થા સામે પણ અનેક પ્રશ્નો ઊભા થયા છે. એકસાથે ૧૧ બાળકો ફરાર થઈ જતાં સુરક્ષામાં રહેલી ખામીઓ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ, બાળ કલ્યાણ વિભાગ અને સંબંધિત તંત્ર દ્વારા સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે. બાકીના બાળકોને શોધવા માટે વિશેષ ટીમો સતત કામગીરી કરી રહી છે.






# આપઘાત અટકાવવા રાજકોટ રૂરલ પોલીસનું પ્રેરણા કાઉન્સેલિંગ સેન્ટર

## 3 મહિનામાં આપઘાતનો પ્રયાસ કરનાર 217 લોકોનું કરાશે કાઉન્સેલિંગ : રેન્જ આઈજી નિર્લિપ્ત રાયના હસ્તે પ્રોજેક્ટનો કરાયો પ્રારંભ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના નિષ્ણાતોની મદદ લેવાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં આપઘાતના બનાવો દિન-પ્રતિદિન વધી રહ્યા છે, ત્યારે તેને અટકાવવા માટે રાજ્યમાં સંભવતઃ પ્રથમ વખત રાજકોટ રૂરલ પોલીસ દ્વારા એક અનોખી અને સરાહનીય પહેલ કરવામાં આવી છે. આપઘાતનો પ્રયાસ કરી ચૂકેલા લોકોને હતાશામાંથી બહાર લાવી નવું જીવન આપવાના ઉદ્દેશ્યથી આજે ૧૭ જૂનના રોજ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયના હસ્તે 'PRERNA નવા જીવનની' (પ્રેરણા) સાયકોલોજિકલ કાઉન્સેલિંગ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૩ મહિનામાં કુલ ૨૧૭ લોકોએ કોઈને કોઈ કારણોસર આપઘાતનો પ્રયાસ કરેલો છે. આ તમામ લોકોને બોલાવીને તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવશે. રેન્જ આઈજી નિર્લિપ્ત રાયે જણાવ્યું હતું કે, રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જર અને તેમની ટીમ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે મળીને આ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. અહીં નિષ્ણાતો દ્વારા આ લોકોનું મેન્ટલ અને સાયકોલોજિકલ હેલ્થ એસેસમેન્ટ (માનસિક અને મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન) કરવામાં આવશે.

આ કાઉન્સેલિંગ પ્રક્રિયામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના હેડ, અધ્યાપકો અને રિસર્ચ સ્કોલર્સની ટીમ પોલીસના આ પ્રયાસમાં ભાગીદાર બનશે. આપઘાતનો પ્રયાસ કરનારા ૨૧૭ લોકો પાસે અલગ-અલગ પ્રકારની પ્રશ્નાવલી ભરાવવામાં આવશે અને વિવિધ ટેકનિકની મદદ લેવાશે.

આ પ્રશ્નાવલીના જવાબો અને મૂલ્યાંકનના આધારે, જો કોઈ વ્યક્તિને વધુ સાયકોલોજિકલ ટ્રીટમેન્ટની જરૂર જણાશે, તો તેને મનોચિકિત્સક (સાઈકિયાટ્રિસ્ટ) પાસે સારવાર માટે મોકલવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ આવા લોકોને મોટિવેટ કરવાનો છે, જેથી તેઓ ભવિષ્યમાં ફરી ક્યારેય આવું આત્યંતિક પગલું ન ભરે અને 'પ્રેરણા' મેળવીને એક નવું જીવન શરૂ કરી શકે.

# ભારતીય શૂટિંગના 'ગોલ્ડન બોય' જસપાલ રાણા હંમેશા રમતપ્રેમીઓના હૃદયમાં જીવંત રહેશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

૧૨ વર્ષની વયે ૧૯૮૮માં નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતી તેમણે કારકિર્દીનો શાનદાર પ્રારંભ કર્યો હતો. ૧૯૯૪માં વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપ (જુનિયર)માં વિશ્વ વિક્રમ સાથે જીત મેળવી. ૪ કોમનવેલ્થ ગેમ્સમાં કુલ ૧૫ મેડલ (૯ ગોલ્ડ) જીતી તેઓ ભારતના સૌથી સફળ ખેલાડી બન્યા. ૨૫ મીટર અને ૧૦ મીટર પિસ્તોલ ઈવેન્ટ્સમાં દબદબો ધરાવતા રાણાને ૧૮ વર્ષની વયે અર્જુન પુરસ્કાર એનાયત થયો હતો. ૧૯૯૬ એટલાન્ટા ઓલિમ્પિકમાં ભાગ લેનાર રાણાને ૧૯૯૭માં પદ્મશ્રી એનાયત કરાયો. ૨૦૦૬ એશિયન ગેમ્સમાં તેમણે ૩ ગોલ્ડ જીત્યા હતા. ૨૦૧૨થી યુવા શૂટર્સને કોચિંગ આપવાની શરૂઆત કરી દેહરાદૂનમાં ઈન્સ્ટિટ્યૂટ સ્થાપી. ૨૦૨૦માં દ્રોણાચાર્ય પુરસ્કાર મેળવનાર રાણાએ મનુ ભાકર (પેરિસ ૨૦૨૪માં ૨ બ્રોન્ઝ વિજેતા), સૌરભ ચૌધરી અને અનીશ ભાનવાલા જેવા દિગ્ગજ સ્ટાર્સને કોચિંગ આપ્યું હતું. ૨૦૨૪માં દિલ્હી ખાતે લેખક નીલરાજ રાણાની મુલાકાત વખતે, ઓલિમ્પિક ગોલ્ડ માટેની ચાવી પૂછતા જસપાલે



સચોટ જવાબ આપ્યો હતો: "વિનિંગ એટીટ્યુડ - જીતવાની સખત ચાહ, અતૂટ વિશ્વાસ અને કઠોર પરિશ્રમ જ તમને વિજેતા બનાવે છે." તેમણે લેખકને પોતાના જિલ્લામાં શૂટિંગ પ્રમોટ કરવા પ્રેરિત કરી તેમની એકેડમીની મુલાકાત લેવાનું વચન આપ્યું હતું. ૧૨ જૂનના રોજ જ્યારે લેખક ૨૫ મીટર પિસ્તોલની ટ્રેનિંગ લઈ રહ્યા હતા, ત્યારે જ જસપાલ રાણાના દુખદ નિધનના સમાચાર મળ્યા, જે શૂટિંગ જગત માટે મોટો આઘાત હતો. જસપાલ રાણા ભલે શારીરિક રીતે આપણી વચ્ચે નથી, પરંતુ શૂટિંગ જગતમાં તેમનું યોગદાન તેમને કાયમ અમર રાખશે. આ લેખ એ સુવર્ણ પ્રતિભાને સન્માન આપવાનો એક નમ્ર પ્રયાસ છે.

# 108 એમ્બ્યુલન્સમાં સફળ પ્રસૂતિ, માતા-પુત્રનો જીવ બચ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જૂનાગઢ નજીક ઝાંઝરડા ચોકડી વિસ્તારમાં એક ૨૫ વર્ષીય શ્રમિક મહિલાને પ્રસૂતિની તીવ્ર પીડા ઉપડતા ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સ્થળે પહોંચેલા ઈએમટી જયદીપ સિંધવા અને પાઈલોટ સંદીપ મેઘનાથીએ મહિલાની તપાસ કરતાં તાત્કાલિક ડિલિવરી કરાવવાની જરૂરિયાત જણાઈ હતી. ત્રીજી વખત સગર્ભા હોવાથી કેસ જોખમી ગણાતો હતો. ૧૦૮ હેડ ઓફિસના ઈમરજન્સી ફિઝિશિયન ડૉ. રૂચિના માર્ગદર્શન હેઠળ ઈએમટી જયદીપ સિંધવાએ એમ્બ્યુલન્સમાં જ સફળતાપૂર્વક નોર્મલ ડિલિવરી કરાવી હતી. પ્રસૂતિ બાદ માતા અને નવજાત પુત્રને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર



માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમયસર અને કુશળ કામગીરીના કારણે માતા અને પુત્રનો જીવ બચતા પરિવારજનોએ ૧૦૮ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. જિલ્લા અધિકારીઓએ પણ સ્ટાફની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.




## PMRF જેવી યોજનાઓ માટે જાગૃતિ વધારવાની જરૂર : જગદીપ રાણા

# પ્રધાનમંત્રી ફેલોશિપ હેઠળ 55 લાખ સહાય

ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ સમાજો, શૈક્ષણિક ટ્રસ્ટો અને સેવાભાવી સંસ્થાઓએ IAS, IPS, GPSC અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સહાય પૂરી પાડવાના પ્રશંસનીય પ્રયાસો કર્યા છે. ગુજરાતમાં પણ અનેક સમાજોએ હોસ્ટેલ, કોચિંગ, સ્કોલરશિપ અને માર્ગદર્શન કેન્દ્રો ઉભા કરીને યુવાનોના ભવિષ્ય નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

પરંતુ એક પ્રશ્ન મને સતત વિચારવા મજબૂર કરે છે. શું આપણે આપણા તેજસ્વી યુવાનોને માત્ર સરકારી નોકરીઓ અને વ્યવસાયિક કારકિર્દી તરફ જ દોરી રહ્યા છીએ, કે પછી તેમને સંશોધન, વિજ્ઞાન, ટેક્નોલોજી અને Innovation જેવા ક્ષેત્રોમાં પણ આગળ વધવા પ્રેરિત કરી રહ્યા છીએ?

તાજેતરમાં પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ (PMRF) વિશે વિગતવાર અભ્યાસ કરતાં મને સમજાયું કે ભારત સરકાર દ્વારા ચલાવવામાં આવતી આ અત્યંત મહત્વપૂર્ણ યોજના વિશે હજુ પણ દેશના અનેક પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાને પૂરતી માહિતી નથી.

પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપની શરૂઆત વર્ષ ૨૦૧૮માં કરવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ દેશના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઉચ્ચ સ્તરીય સંશોધન તરફ આકર્ષવાનો છે, જેથી ભારત માત્ર ટેક્નોલોજીનો ઉપયોગ કરનાર દેશ ન રહે, પરંતુ નવી ટેક્નોલોજી, નવા વિચારો અને નવા જ્ઞાનનું સર્જન કરનાર દેશ બને.

આ યોજના હેઠળ પસંદ થયેલા સંશોધન વિદ્યાર્થીઓને પ્રથમ અને બીજા વર્ષે દર મહિને ૭૦,૦૦૦, ત્રીજા વર્ષે ૭૫,૦૦૦ અને ચોથા તથા પાંચમા વર્ષે ૮૦,૦૦૦ સુધીની ફેલોશિપ આપવામાં આવે છે. આ ઉપરાંત દર વર્ષે ૨ લાખનું Research Grant પણ આપવામાં આવે છે. પાંચ વર્ષના સમયગાળા દરમિયાન એક વિદ્યાર્થીને કુલ મળીને આશરે ૫૫ લાખ જેટલી આર્થિક સહાય મળી શકે છે. ભારતની ઉચ્ચ શિક્ષણ અને સંશોધન વ્યવસ્થામાં આ સૌથી આકર્ષક ફેલોશિપોમાંની એક ગણાય છે.

ઘણા યુવાનોને કદાચ ખબર પણ નહીં હોય કે સંશોધન ક્ષેત્રમાં પ્રવેશ કરવાથી તેમને આટલી મોટી આર્થિક સહાય અને વિશ્વસ્તરીય સંશોધન કરવાની તક મળી શકે છે. આ યોજના માટે મુખ્યત્વે તે વિદ્યાર્થીઓ પાત્ર બને છે જેઓ એન્જિનિયરિંગ, વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રોમાં ઉત્તમ શૈક્ષણિક રેકોર્ડ ધરાવે છે અને દેશની અગ્રણી સંસ્થાઓમાં પીએચ.ડી. અભ્યાસ માટે પસંદગી મેળવે છે. IIT, IISc, IISER અને કેન્દ્ર સરકાર દ્વારા માન્ય અન્ય અગ્રણી સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ યોજના વિશેષ મહત્વ ધરાવે છે. પાત્રતાના નિયમોમાં સમયાંતરે ફેરફાર થતા હોવાથી વિદ્યાર્થીઓએ PMRFની સત્તાવાર વેબસાઇટ પરથી નવીનતમ માહિતી મેળવવી જોઈએ.

ગુજરાતના વિદ્યાર્થીઓ માટે પણ આ ક્ષેત્રમાં વિશાળ તકો ઉપલબ્ધ છે. Indian Institute of Technology Gandhinagar આજે દેશની અગ્રણી સંશોધન સંસ્થાઓમાં સ્થાન ધરાવે છે. ઉપરાંત Dhirubhai Ambani Institute of Information and Communication Technology, Pandit Deendayal Energy University, MS University of Baroda, Gujarat University, Sardar Patel University, Institute of Rural Management Anand અને CEPT University જેવી સંસ્થાઓ પણ વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ સ્તરીય સંશોધન અને પીએચ.ડી. કાર્યક્રમો ચલાવે છે. ગુજરાતમાં વિકસતા સેમિકન્ડક્ટર, ગ્રીન એનર્જી, ફિનટેક, ડિજિટલ ટેક્નોલોજી અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રોને ધ્યાનમાં લઈએ તો આવનારા વર્ષોમાં સંશોધકોની માંગ વધુ વધવાની છે.

મારા મતે અહીં સમાજ આધારિત સંસ્થાઓ અને શૈક્ષણિક ટ્રસ્ટો માટે એક નવી ભૂમિકા ઊભી થાય છે. આજે જેમ UPSC અને GPSC માટે માર્ગદર્શન કેન્દ્રો ચલાવવામાં આવે છે, તેમ સંશોધન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પણ જાગૃતિ અભિયાન શરૂ કરવું જોઈએ. દર વર્ષે સમાજો અને ટ્રસ્ટોએ સંશોધન અને ઉચ્ચ શિક્ષણ વિષયક સેમિનારો યોજવા જોઈએ. તેજસ્વી વિદ્યાર્થીઓને PMRF જેવી યોજનાઓની માહિતી આપવી જોઈએ. કોલેજો અને યુનિવર્સિટીઓએ પોતાના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સંશોધન ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

વિકસિત ભારત ૨૦૪૭નું સ્વપ્ન માત્ર રસ્તાઓ, બંદરો, એરપોર્ટો અને કારખાનાઓથી પૂર્ણ થવાનું નથી. તે માટે વિશ્વસ્તરીય વૈજ્ઞાનિકો, સંશોધકો, ટેક્નોલોજી નિર્માતાઓ અને Innovatorsની પણ જરૂર પડશે. અમેરિકા, જર્મની, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા દેશોની પ્રગતિ પાછળ તેમની સંશોધન સંસ્થાઓ અને વૈજ્ઞાનિક પરંપરા મુખ્ય કારણ રહી છે. ભારતે પણ આ માર્ગે આગળ વધવું પડશે.

મને લાગે છે કે સમાજના આગેવાનો, ટ્રસ્ટીઓ, શિક્ષણવિદો અને દાતાશ્રીઓએ હવે એક નવો પ્રશ્ન પૂછવો જોઈએ. આપણે કેટલા વિદ્યાર્થીઓને IAS બનાવ્યા તે મહત્વનું છે, પરંતુ આપણે કેટલા વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક, સંશોધક, Innovator અને ટેક્નોલોજી નેતા બનાવ્યા તે પણ એટલું જ મહત્વનું છે.

આજે દેશભરમાં વિવિધ સમાજો પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને UPSC માટે માર્ગદર્શન આપી રહ્યા છે. શું હવે સમય નથી આવ્યો કે આપણે PMRF જેવી યોજનાઓ માટે પણ માર્ગદર્શન અને જાગૃતિ અભિયાન શરૂ કરીએ? જો એક પણ તેજસ્વી વિદ્યાર્થી આ યોજના દ્વારા વિશ્વસ્તરીય સંશોધન ક્ષેત્રમાં પ્રવેશ કરે, તો તેનું યોગદાન ભવિષ્યમાં હજારો લોકોને લાભ આપી શકે છે.

જો આજે વિવિધ સમાજો અને ટ્રસ્ટો મળીને PMRF જેવી યોજનાઓ અંગે જાગૃતિ અભિયાન ચલાવે, વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે અને સંશોધનને પ્રતિષ્ઠિત કારકિર્દી તરીકે રજૂ કરે, તો આવનારા વર્ષોમાં ભારતને વિશ્વસ્તરીય સંશોધકો અને ટેક્નોલોજી નેતાઓનો વિશાળ ભંડાર મળી શકે છે.



જગદીપ રાણા
એક્ઝિક્યુટિવ ડિરેક્ટર
નેશનલ ઈકોનોમિક ફોરમ

પ્રધાનમંત્રી રિસર્ચ ફેલોશિપ જેવી યોજનાઓ દેશના બૌદ્ધિક ભવિષ્યમાં કરવામાં આવેલું રોકાણ છે. જરૂર છે માત્ર એટલી કે તેની માહિતી ગુજરાતના દરેક પ્રતિભાશાળી વિદ્યાર્થી સુધી પહોંચે. કદાચ આવતીકાલનો કોઈ મહાન વૈજ્ઞાનિક, સંશોધક, Innovator અથવા ટેક્નોલોજી ઉદ્યોગપતિ અમદાવાદ કે ગાંધીનગરમાંથી નહીં, પરંતુ પાલનપુર, મહેસાણા, ભરૂચ, ભાવનગર, રાજકોટ, જૂનાગઢ કે કોઈ નાના ગામમાંથી બહાર આવશે.

પ્રશ્ન માત્ર એટલો છે કે શું આપણે તેને યોગ્ય સમયે યોગ્ય માહિતી, યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય પ્રોત્સાહન આપી શકીશું?

વિકસિત ભારત ૨૦૪૭ તરફની યાત્રા માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી નહીં, પરંતુ જ્ઞાન, સંશોધન અને Innovationથી પણ આગળ વધશે. PMRF જેવી યોજનાઓ એ જ ભવિષ્યના પાયાના પથ્થર છે.

### પ્રદૂષણ નિવારણ અને સર્વકલ્યાણનો સંદેશ અપાશે

# રાજકોટમાં 7 દિવસીય પર્યાવરણ શુદ્ધિ મહાયજ્ઞનું આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આર્ય સમાજ રાજકોટ મધ્ય દ્વારા સર્વજન કલ્યાણ અને પર્યાવરણ શુદ્ધિના હેતુથી ૨૮.૦૬.૨૦૨૬થી ૦૪.૦૭.૨૦૨૬ દરમિયાન વિશાળ પર્યાવરણ શુદ્ધિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. ગુલાબ કુંવરબા વાડી રાષ્ટ્રીય શાળા, રાજકોટ ખાતે યોજાનારા આ મહાયજ્ઞમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓને યજ્ઞના દર્શન કરવા તેમજ યજમાન તરીકે ભાગ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. આર્ય સમાજ રાજકોટ મધ્યના પ્રમુખ અમૃતલાલ પરમારે જણાવ્યું હતું કે વૈદિક પરંપરા અનુસાર યજ્ઞ દ્વારા શુદ્ધ પદાર્થો અગ્નિમાં અર્પણ થતાં તેનું સૂક્ષ્મીકરણ થઈ વાતાવરણમાં પ્રસરે છે, જેના કારણે પર્યાવરણની શુદ્ધિ અને જીવમાત્રના કલ્યાણની ભાવના સિદ્ધ થાય છે. યજ્ઞને વૈદિક સંસ્કૃતિમાં ઉત્તમ કર્મ તરીકે ગણાવવામાં આવ્યો છે.

મહાયજ્ઞ માટે ૪ ફૂટ લંબાઈ, ૪ ફૂટ પહોળાઈ અને ૪ ફૂટ ઊંડાઈ ધરાવતા વિશાળ યજ્ઞકુંડનું નિર્માણ કરવામાં આવશે. યજ્ઞ દરમિયાન આશરે ૧૧૫ લીટર ગાયનું ઘી, ૮૦૦ કિલો સમિધા અને ૧૨૦ કિલો હવન સામગ્રીનો ઉપયોગ કરવામાં આવશે. દરરોજ યજ્ઞનો સમય સવારે ૭:૩૦થી ૯:૨૦ વાગ્યા સુધી રહેશે.

યજ્ઞમાં યજમાન પદે બેસવા માટે ૨ સત્ર રાખવામાં આવ્યા છે. પ્રથમ સત્ર સવારે ૭:૩૦થી ૮:૩૫ સુધી રહેશે, જેમાં દાન રકમ રૂ. ૨૧૦૦ નક્કી કરવામાં આવી છે. જ્યારે બીજા સત્રમાં સવારે ૮:૪૫થી ૯:૨૦ સુધી યજમાન તરીકે બેસવા માટે રૂ. ૧૧૦૦ની દાન રકમ રાખવામાં આવી છે. ૦૪.૦૭.૨૦૨૬ના રોજ પૂર્ણાહુતિ પ્રસંગે વિશેષ સત્રનું આયોજન પણ કરવામાં આવશે.

આયોજકોના જણાવ્યા મુજબ યજમાન પદે પતિ-પત્ની, બે પુરુષ અથવા બે મહિલાઓ સાથે બેસી શકશે. જે લોકો ગરમી અથવા અન્ય કારણોસર યજ્ઞમાં બેસી ન શકે તેઓ દાન આપીને પોતાના સ્થાને અન્ય વ્યક્તિ દ્વારા આહુતિ અપાવી શકશે.

મહાયજ્ઞ દરમિયાન પિતૃ યજ્ઞનું પણ આયોજન કરવામાં આવશે, જેમાં સંતાનો દ્વારા હયાત વડીલોનો આદર-સત્કાર કરવાની વૈદિક વિધિ યોજાશે. આ ઉપરાંત યજ્ઞના દિવસોમાં જન્મદિવસ અથવા લગ્નવાર્ષિકી ધરાવતા યજમાનો માટે વિશેષ આશીર્વચન કાર્યક્રમ પણ યોજાશે.

આર્ય સમાજ રાજકોટ મધ્ય દ્વારા શહેરના નાગરિકો, વૈદિક સંસ્કૃતિના અનુયાયીઓ અને ધર્મપ્રેમી જનતાને મહાયજ્ઞમાં ઉપસ્થિત રહી આધ્યાત્મિક તથા સામાજિક લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આયોજકોના જણાવ્યા મુજબ આ મહાયજ્ઞનો મુખ્ય હેતુ પર્યાવરણ જાગૃતિ, વૈદિક સંસ્કૃતિનો પ્રસાર અને સમાજમાં સકારાત્મક ઉર્જાનું નિર્માણ કરવાનો છે.

# શહેર કોંગ્રેસ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલાનો આજે જન્મદિવસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના જાણીતા સમાજસેવક, જાગૃત પ્રહરી અને શહેર કોંગ્રેસના પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલાનો આજે જન્મદિવસ છે. વાંકાનેર તાલુકાના ખેરવા ગામના વતની ગજેન્દ્રસિંહ ઝાલા છેલ્લા ઘણા વર્ષોથી રાજકોટને કર્મભૂમિ બનાવી સામાજિક અને જનહિતના પ્રશ્નો માટે સતત સક્રિય રહ્યા છે.છેલ્લા ૩૮ વર્ષથી વિવિધ લોકપ્રશ્નો, ભ્રષ્ટાચાર અને જાહેર હિતના મુદ્દાઓ પર તેઓએ અનેક રજૂઆતો, ધરણાં અને આંદોલનો કર્યા છે. હોમગાર્ડ જવાનોના પ્રશ્નોથી લઈને પાણી, પરિવહન અને નાગરિક સુવિધાઓ સંબંધિત મુદ્દાઓ ઉઠાવવામાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે. ૪૯ વખત રક્તદાન કરનાર ગજેન્દ્રસિંહ ઝાલા વિવિધ સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓ સાથે પણ સક્રિય રીતે જોડાયેલા છે. તેમના જન્મદિવસે રાજકીય, સામાજિક આગેવાનો તથા શુભેચ્છકો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.



## માર્કેટ અપડેટ્સ




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| TURTLEMINT FINTECH SOLUTIONS | 19/6 | 23/6 | 144 - 152 | 98 | 14,896 |
| ADVIT JEWELS | 23/6 | 25/6 | 130 - 138 | 100 | 13,800 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| LEAPFROG ENGINEERING SERVICES | 17/6 | 19/6 | 21 - 23 | 12000 | 2,76,000 |
| LIOTECH INDUSTRIES | 17/6 | 19/6 | 321 | 800 | 2,56,800 |
| DIKSHA POLYMERS | 17/6 | 19/6 | 112 | 2400 | 2,68,800 |
| CLAY CRAFT INDIA | 17/6 | 19/6 | 193 - 203 | 1200 | 2,43,600 |
| AVIENCE BIOMEDICALS | 18/6 | 22/6 | 196 - 208 | 1200 | 2,49,600 |
| RIYAASAT LIFESTYLE | 18/6 | 22/6 | 102 - 108 | 2400 | 2,59,200 |
| ANUBHAV PLAST | 19/6 | 23/6 | 77 - 80 | 3200 | 2,56,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એ જણાવ્યું છે કે ભારત સરકારના નાણા મંત્રાલય (કંપનીના પ્રમોટર) (વેચાણકર્તા)એ કંપનીના ૩,૫૦,૮૮,૦૦૦ ઈક્વિટી શેર્સને વેચવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.
- ઓઈલ ઈન્ડિયા લિ.એ જણાવ્યું છે કે કંપનીએ એનર્જી સેક્ટરમાં સહયોગી સંશોધન, ઈન્નોવેશન અને ટેક્નોલોજી વિકાસને પ્રોત્સાહન આપવા માટે કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (સીએસઆઈઆર) સાથે સમજૂતી કરાર કર્યા છે.
- સોમા પેપર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિ.ને યુ.પી. ડેવલપમેન્ટ સિસ્ટમ્સ કોર્પોરેશન લિ. પાસેથી આશરે રૂ.૧૧૧.૩૫ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- હિન્દુસ્તાન એરોનેટિક્સ લિ.ની બોર્ડ મીટિંગ ૨૯ જૂન, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે અંતિમ ડિવિડંડની વિચારણા કરાશે.
- એનબીસીસી (ઈન્ડિયા) લિ.ને આશરે રૂ.૨૦.૯૨ કરોડના વર્ક ઓડર્સ મળ્યા છે.
- કિલબર્ન એન્જિનિયરિંગ લિ.એ તેનો પ્રથમ ઓર્ડર કાસેલ એસએ, સ્વિટ્ઝર્લૅન્ડ પાસેથી મેળવ્યો છે, જેની કુલ કિંમત આશરે ૭૦ કરોડ છે.
- બોન્ડાડા એન્જિનિયરિંગ લિ.એ જણાવ્યું છે કે એનટીપીસી રિન્યુએબલ એનર્જી લિ. પાસેથી સીતાપુર, ઉત્તર પ્રદેશ સ્થિત ૫૦ મેગાવોટ /૨૦૦ મેગાવોટહર્ટ્સ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ) પ્રોજેક્ટ સાથે ૨૫૦ મેગાવોટ સોલાર પીવી પ્રોજેક્ટના વિકાસ માટે નોટિફિકેશન ઓફ એવોર્ડ પ્રાપ્ત થયો છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**